## કરોડોનો હપ્તો ગાંધીનગર બેઠેલા નેતાઓ અને અધિકારીઓ ઉઘરાવે છે : અમિત ચાવડા

# મહિસાગર નદીમાંથી કરોડો રૂપિયાની રેતીનું ગેરકાયદેસર ખનન થઈ રહ્યું છે

**ઉદ્યોગપતિ અને મુડીવાડી લોકોની સરકાર ક્યારેય ગરીબોનું ભલું વિચારી શકે નહી : ડો. ચૌધરી**

**સરકારની બેદરકારીનાં કારણે ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં ૨૨ નિર્દોષ લોકોનાં મોત થયા : ચાવડા**

**હિમાચલ પ્રદેશની જેમ ગુજરાતમાં પણ દૂધ ઉત્પાદકોને MSP આપવી જરૂરી**

**કોંગ્રેસની મધ્ય ગુજરાત જન આક્રોશ યાત્રા આંકલાવ પહોંચી**



અમદાવાદ, તા. ૨૪

જન આક્રોશ યાત્રાના પાંચમાં દિવસની શરૂઆત છાણી બોરસદથી શરૂ કરવામાં આવી. ત્યારબાદ યાત્રા અલાસા ચોકડી, ગામ–નિસારયા, કોશીન્દ્રા, એ.પી.એમ.સી. ચોકડી, ખડોલ, રણછોડપુરા, આસોદર ચોકડી, આંકલાવ, વાસદ–ડાકોર રોડ ચોકડી, વાસદ, સત કેવલ ચાર રસ્તા, સરસ, ખંભોળાજ, ઓડ, શીલી, અહીમા, સાવલી તરફ આગળ વધી. યાત્રા દરમિયાન રસ્તામાં સ્થાનિક નાગરિકો દ્વારા ઠેરઠેર યાત્રાનું ભવ્ય સ્વાગત અને જાહેરસભાઓમાં જનસમર્થન જોવા મળ્યું. પાંચમાં દિવસની યાત્રા દરમ્યાન પાંચમાં દિવસની યાત્રા દરમ્યાન એ.પી.એમ.સી. ચોકડી આંકલાવ ખાતે જાહેર સભામાં માનવ મહેરામણ ઉમટયું. અહિમા ખાતે મહિલા સંવાદ દ્વારા મહિલાઓના પ્રશ્નોને વાંચા આપવામાં આવી.

આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડાએ જણાવ્યું કે, સત્તામાં બેઠેલા લોકોને રાજયના નાગરિકોની કોઈ પડી નથી. તેમને માત્ર પોતાના ખિસ્સા ભરવામાં જ રસ છે. તાજેતરમાં ગંભીરા બ્રિજ અકસ્માતની ઘટના બની, જેના માટે સંપૂર્ણપણે સરકાર જવાબદાર છે, કારણ કે પુલ જર્જરિત હતો. સરકારને સ્થાનિકોએ અગાઉથી જાણ કરી હતી, છતાં સરકારને લોકોના જીવની ચિંતા ન હતી. આખરે બ્રિજ તૂટયો અને અનેક લોકોએ પોતાના જીવ ગુમાવ્યા. છતાં પણ કાર્યવાહીના નામે માત્ર દેખાડો કરવામાં આવ્યો. આટલી ગંભીર બેદરકારીના કારણે લોકોના જીવ ગયા, પરંતુ સરકારના પેટનું પાણી પણ ન હલ્યું.

આ સરકાર વિકાસના નામે ખેડૂતોની જમીનો લઈ લે છે. ખેડૂતોને જમીનના યોગ્ય ભાવ આપવામાં આવતા નથી અને પોતાના મળતિયાં ઉદ્યોગપતિઓને મફતના ભાવે જમીન આપવામાં આવે છે. આંકલાવ તાલુકાના કહાનવાડી ગામમાં આ મૂડીવાદી સરકાર દ્વારા ગ્રામજનોની જાણ વગર બારોબાર ૨૩૭ વિઘા પડતર જમીન એક સંસ્થાને કોલેજ કરવા માટે મફતના ભાવે આપી દેવામાં આવી છે. આ જમીન અપાવનાર પણ ભાજપના જ લોકો છે. આ મામલે ગ્રામજનો આજે પણ વિરોધ કરી રહ્યા છે અને આ લડત આગામી સમયમાં પણ ચાલુ રહેશે.

વધુમાં ભાજપના રાજમાં ગુજરાતમાં મહિલાઓ પર અત્યાચારની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. રોજેરોજ દુષ્કર્મ અને લૂંટફાટની ઘટનાઓ સામે આવી રહી છે. રાજયમાં બેફામ રીતે દારૂ અને ડ્રગ્સ ઘુસાડવામાં આવી રહ્યાં છે. કાયદો અને વ્યવસ્થાનું નામોનિશાન રહ્યું નથી. આ તમામ માટે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં બેઠેલા ગૃહમંત્રી અને મુખ્યમંત્રી જ જવાબદાર છે. પોલીસનું કામ ગુનાખોરી રોકવાનું છે, પરંતુ આ સરકાર પોલીસનો ઉપયોગ ખુદ ગુનાહિત પ્રવૃત્તિઓ માટે કરે છે. મોટાભાગે ૨ નંબરના ધંધાઓમાં ખુદ પોલીસના લોકો જ ભાગીદાર હોય છે, ત્યારે કાયદો વ્યવસ્થા કેવી રીતે જળવાશે ? કારણ કે રક્ષક જ ભક્ષક બનીને બેઠા છે.

વિધાનસભા વિપક્ષ નેતા ડો. તુષારભાઈ ચૌધરીએ જણાવ્યું કે, ભાજપ ગરીબોની વેદના કયારેય સમજી શકતી નથી, કારણ કે ભાજપ ઉદ્યોગપતિઓની સરકાર છે. કોંગ્રેસના સમયમાં ડીઝલ ૫૬, પેટ્રોલ ૭૧ અને ગેસનો બાટલો ૩૫૦માં મળતો હતો. ત્યારે ભાજપ રસ્તા પર ઉતરીને વિરોધ કરતી હતી અને તેને મોંઘવારી લાગતી હતી. પરંતુ આજે માત્ર ૧૧ વર્ષના ભાજપના શાસનમાં ડીઝલ ૯૦, પેટ્રોલ ૯૯ અને ગેસનો બાટલો લગભગ ૧૨૦૦ સુધી પહોંચી ગયો છે. ડોલર જે ૬૨ હતો તે આજે ૯૦ વટાવી ગયો છે.

ઉપરોકત જન આક્રોશ યાત્રામાં એઆઈસીસીના મંત્રી અને સંગઠન પ્રભારી રામકિશન ઓઝાજી, પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ પરમાર, ભીખાભાઈ રબારી, લાખાભાઈ ભરવાડ, એઆઈસીસી મંત્રી પલકબેન વર્મા, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ નટવરસિંહ મહીડા, આણંદ જિલ્લા પ્રમુખ અલ્પેશભાઈ પઢિયાર, આણંદ શહેર પ્રમુખ મહેશ સોલંકી, આગેવાન યુનુસભાઈ મુખી, ડો. પ્રકાશ પરમાર, વિનુભાઈ સોલંકી, આણંદ જિલ્લા મહિલા પ્રમુખ શ્રીમતી રજનીકુમારી ભૃગુરાજસિંહ ચૌહાણ, ડો. ઈરફાન રાઠોડ, પ્રવકતા નરેન્દ્ર રાવત, નિશાંત રાવલ, જિલ્લા પંચાયત સભ્ય ડો. પ્યારેલાલ, મંગળસિંહ સોલંકી, આંકલાવ તાલુકા કોંગ્રેસ પ્રમુખ કમલેશભાઈ જાદવ, આંકલાવ શહેર કોંગ્રેસ પ્રમુખ મહેન્દ્રભાઈ પરમાર, ઉષાબેન પઢીયાર, મહેન્દ્રસિંહ પઢીયાર, ફતેસિંહ સોલંકી, પ્રતાપસિંહ સોલંકી, મનુભાઈ પઢીયાર, મનુભાઈ પુનમભાઈ પઢીયાર, દિલીપસિંહ લાલસિંહ, ધર્મેન્દ્રસિંહ મહિડા, વિજયભાઈ પઢીયાર સહિતના આગેવાનો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત

## બાબરા પોલીસે અરજદારનો ગુમ થયેલ મોબાઈલ શોધી પરત કર્યો

**સ્થાનિક પીઆઈનાં માર્ગદર્શનતળે પોલીસની કામગીરી**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૪

બાબરા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટરની રાહબરી હેઠળ પોલીસ ટીમ દ્વારા મિલ્કત ગુમની અરજીઓ બાબતે ટેકનિકલ અને હ્યુમનસોર્સની મદદથી સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન બાબરાના ધુડીયા પ્લોટ વિસ્તારમાં રહેતા અને હીરાકામ કરતા રોહિતભાઈ હરજીભાઈ વરસડાનો ઓપો કંપનીનો એફ ૨૭ મોડેલનો મોબાઈલ ફોન (કિંમત રૂ. ૨૩,૦૦૦/–), જે ગત તા. ૧૮/૧૧/૨૦૨૫ના રોજ બાબરા નાના બસ સ્ટેન્ડ પાસે રસ્તામાં પડી ગયો હતો, તેને પોલીસે શોધી કાઢ્યો હતો.

આમ, બાબરા પોલીસ ટીમ દ્વારા ગુમ થયેલ કિંમતી મોબાઈલ શોધી મૂળ માલિક રોહિતભાઈ હરજીભાઈ વરસડાને પરત કરી ‘તેરા તુજકો અર્પણ’ કાર્યક્રમને ખરા અર્થમાં સાર્થક કરવામાં આવ્યો છે.

આ કામગીરી ઈન્ચાર્જ પો.ઈન્સ. આર.જી. ચૌહાણની સૂચના અને માર્ગદર્શન હેઠળ અનાર્મ હેડ કોન્સ્ટેબલ એ.જી. સોલંકી, પોલીસ કોન્સ્ટેબલ હસમુખભાઈ ચૌહાણ તથા ટાઉન બીટના સ્ટાફ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવી હતી.

### છેલ્લા ઘણા મહિનાઓથી ચાલતી અટકળો પર પૂર્ણ વિરામ

## ચલાલા પાલિકાનાં ઉપપ્રમુખ સામેની અવિશ્વાસ દરખાસ્ત વિરૂધ્ધ મતદાન થતાં ઉપપ્રમુખ યથાવત

**આગામી દિવસોમાં પાલિકામાં નવા પ્રમુખની વરણી થશે**



ચલાલા, તા. ૨૪

ચલાલા નગરપાલિકામાં ભાજપના ૨૪ સદસ્યશ્રીઓ પૈકી ૨૦ સદસ્યઓએ તારીખ ૨૯,૧૦ ના ચલાલા નગરપાલિકાના મહિલા પ્રમુખ નયનાબેન વનરાજભાઈ વાળા અને નગરપાલિકાના ઉપપ્રમુખ પ્રવીણભાઈ ભાવચંદભાઈ માલવિયાની સામે જુદા જુદા આક્ષેપો સાથે અવિાસની દરખાસ્ત રજૂ કરી હતી. ત્યારબાદ નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખ દ્વારા નિયત સમય મર્યાદામાં સદસ્યશ્રીઓની સામાન્ય સભા નહીં બોલાવતા કલેકટરએ તારીખ ૨૪ના નગરપાલિકાના સદસ્યઓની સામાન્ય સભા બોલાવવાની સૂચના આપી હતી. તે અન્વયે આજે તારીખ ૨૪ના પ્રાંત અધિકારી હર્ષવર્ધન જાડેજા, મામલતદાર ધારી, ઈન્ચાર્જ ચીફ સાવન રતાણી, જયદેવ ચોહાણ સહિતનાઓ દ્વારા ચલાલા નગરપાલિકામાં બપોરના ૧૨:૦૦ કલાકે નગરપાલિકાના ચૂંટાયેલા સદસ્યોની સામાન્ય સભા બોલાવેલ હતી. આજે અવિાસ દરખાસ્તની સામાન્ય સભા પૂર્વે જ નગરપાલિકાના મહિલા પ્રમુખ નયનાબેન વાળાએ પોતાના પ્રમુખ તરીકેના પદનું કલેકટરની કચેરીમાં રૂબરૂ જઈ કૌટુંબિક વ્યસતાનુ કારણ ધરી રાજીનામું આપી દીધું હતું. પ્રમુખનું રાજીનામુ કલેકટરએ મંજૂર કરી દેતા આજની સામાન્ય સભામાં પ્રમુખની સામે કોઈ જ કાર્યવાહી કરવાની રહેતી નહોતી. આજની સામાન્ય સભામાં નગરપાલિકાના ૨૪ સદસ્યો પૈકી ૧૯ સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત તમામ ૧૯ સદસ્યઓએ અવિાસની દરખાસ્તની વિઢદ્ધમાં અને ઉપપ્રમુખની તરફેણમા મતદાન કરતા ઉપપ્રમુખ પ્રવીણભાઈ માળવીયા, નગરપાલિકાના ઉપપ્રમુખ તરીકે તેના હોદા પર ચાલુ રહ્યા છે. આગામી દિવસોમાં કલેકટરની સૂચના મુજબ સામાન્ય સભા બોલાવવામાં આવશે તેમાં નવા પ્રમુખની વરણી કરવામાં આવશે. ન.પા. મા પ્રમુખ તરીકે બક્ષીપંચ મહિલાની બેઠક હોય આવતા દોઢેક વર્ષ માટે નવા પ્રમુખ તરીકે કુલ બાર મહીલાઓમાથી સાત બક્ષીપંચ મહીલાઓ પ્રમુખ તરીકે દાવેદારી કરી શકશે. અને તેમાંથી કોઈ કોઈપણ મહિલા નગરપાલિકાના પ્રમુખ તરીકે બેસી શકે છે. આ સાત બક્ષીપંચ મહીલાઓમાથી આગામી દોઢ વર્ષ માટે કોણ પ્રમુખ તરીકેની મહત્વની જવાબદારી નીભાવે છે ? એતો આવનાર સમય જ બતાવશે. જાણવા મળેલ વિગત મુજબન.પા.ના અસંતુષ્ટ જુથે પ્રમુખ/ઉપપ્રમુખ બંન્ને સામે અવિાસની દરખાસ્ત મુકી હતી. તેમાથી પ્રમુખ અસંતુષ્ટ જુથ સાથે સંકલન કે સમાધાન ના કરી શક્યા તેથી તેણે પ્રમુખ પદ ગુમાવવુ પડ્યુ. અને ઉપપ્રમુખ માળવીયા પરિસ્થિતિ જાણી પ્રમુખનો સાથ છોડી અસંતુષ્ટ જુથ સદસ્યઓ સાથે સંકલન કરી સમાધાન કરીને પોતાનુ ઉપપ્રમુખનુ પદ જાળવી રાખી ચલાલા રાજકરણના ચાણક્ય પુરવાર થયા છે. સામાન્ય સભા દરમિયાન સુસ્ત પોલીસ બંદોબસ્ત રાખવામાં આવેલ હતો.

### ધારાસભ્ય જનક તળાવીયાની જહેમત રંગ લાવી

## ભૈ વાહ : લાઠીનાં શેખ પીપરીયાથી ગળકોટડી માર્ગનાં રીસર્ફેસિંગ માટે ૩ કરોડ મંજુર

**સમગ્ર પંથકની જનતામાં ખુશીનો માહોલ**

લાઠી, તા. ૨૪

લાઠી–બાબરા પંથકના ધારાસભ્ય જનક તળાવીયાના સઘન પ્રયાસોના ફળ સ્વરૂપે લાઠી તાલુકાના શેખપીપરીયા અને બાબરા તાલુકાના ગળકોટડી ગામને જોડતા અગત્યના માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજય સરકાર દ્વારા રૂ. ૩ કરોડનો માતબર ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. આ મંજૂરીથી લાંબા સમયથી બિસ્માર હાલતમાં રહેલા આ માર્ગ પરના પ્રવાસીઓ અને સ્થાનિકોને મોટી રાહત મળશે.

શેખપીપરીયા અને ગળકોટડી ગામ વચ્ચેનો આ રોડ આસપાસના અનેક ગામો માટે મુખ્ય પરિવહન માર્ગ તરીકે સેવા આપે છે. રોડની ખરાબ સ્થિતિને કારણે ગ્રામજનોને અવરજવરમાં ભારે મુશ્કેલી પડતી હતી. આ સમસ્યા ધારાસભ્ય ધ્યાન પર આવતા, તેમણે તાત્કાલિક ધોરણે આ માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજય સરકારમાં રજૂઆત કરી હતી.

ધારાસભ્યની રજૂઆતને પગલે માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ રોડના કામ માટે રૂ. ૩ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ ગ્રાન્ટ દ્વારા રોડનું સંપૂર્ણપણે રીસર્ફેસિંગ કરવામાં આવશે, જેનાથી માર્ગની ગુણવત્તા સુધરશે અને વાહન વ્યવહાર સરળ બનશે.

ધારાસભ્યએ આ અંગે જણાવ્યું હતું કે, ‘લાંબા સમયથી આ રોડની સ્થિતિ ચિંતાજનક હતી, જેના કારણે લોકોને હાલાકી ભોગવવી પડતી હતી. રાજય સરકારે આ રજૂઆતને ધ્યાને લઈ તાત્કાલિક આટલી મોટી રકમ મંજૂર કરી છે, તે બદલ હું મુખ્યમંત્રી અને માર્ગ–મકાન મંત્રીનો આભાર વ્યક્ત કરૂ છું. આ રોડનું કામ પૂર્ણ થવાથી શેખપીપરીયા, ગળકોટડી અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકોને ઘણો ફાયદો થશે અને તેમનો સમય તથા શ્રમ બચશે.

આ સમાચારથી સમગ્ર પંથકના ગ્રામજનોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. તેઓએ ધારાસભ્ય જનક તળાવીયાનો આભાર માન્યો હતો અને આ કામગીરી વહેલી તકે શરૂ થાય તેવી આશા વ્યક્ત કરી હતી.

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241




### મુળ રાજસ્થાનનાં અને બગસરા ખાતે રહેતા

## પતિ સાથે સામાન્ય બોલાચાલી થતાં પત્નીએ ઝેરી દવા ગટગટાવી

**સારવાર દરમ્યાન પરિણીતાનુ મોત નિપજયુ**

અમરેલી, તા. ૨૪

રાજસ્થાનના વતની અને હાલ બગસરા ગામે રહેતાં પતિ–પત્નિ વચ્ચે સામાન્ય બોલાચાલી થવા પામેલ તે અંગે પત્નિને મનમાં લાગી આવતા ખંડમાં નાખવાની ઝેરી દવા પી જતા પત્નિનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

આ બનાવમાં પોલીસ સુત્રોમાંથી જાણવાં મળતી વિગત મુજબ રાજસ્થાનના વતની અને હાલ બગસરા ગામે રહેતાં ભગવતીબેન નરેશભાઈ મકવાણા નામની ૨૦ વર્ષીય પરિણીતાને તેમનાં પતિ વચ્ચે સામાન્ય બોલાચાલી થવા પામેલ હતી. તે અંગે પત્નિને મનમાં લાગી આવતા ગત તા. ૧૮ના સાંજના સાતેક વાગ્યે બગસરા ગામે ઝાંઝરીયા રોડ ઉપર આવેલ સીમ વિસ્તાર ખડમાં નાખવાની ઝેરી દવા પી જતા પત્નિનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

‘‘અમરેલી એક્સપ્રેસ’’
અમરેલી શહેરમાં આપને ‘‘અમરેલી એક્સપ્રેસ’’ દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### અગાઉ સાથ સહકાર ન આપનાર

## અમરેલીનાં યુવક ઉપર એક વ્યકિતએ હુમલો કરતાં ફરિયાદ

**યુવકનાં પરિવારજનો સાથે ગેરવર્તન કર્યાનો આક્ષેપ**

અમરેલી, તા. ૨૪

ચિતલન વતની અને હાલ અમરેલી રહેતાં નરેશભાઈ ભીખાભાઈ વાળા નામના આરોપીએ અગાઉ કલેકટર કચેરીને બાનમા લીધેલ હતી. તે સમયે આરોપી ખોટા હોય જેથી અમરેલીના બહારપરા વિસ્તારમાં આવેલ બી.કે. ટાંકના ડેલા પાસે રહેતાં ભરતભાઈ રામભાઈ કાતરીયા નામનાં ૩૫ વર્ષીય વિદ્યાર્થીએ આરોપીનો સાથ આપેલ ના હોય તે બાબતે આરોપીએ વિદ્યાર્થી સાથે મનદુઃખ રાખી તેમને અવાર–નવાર સોશ્યલ મિડીયા મારફતે જેમ ફાવે તેમ બોલતા હોય તેમજ વિદ્યાર્થીના પરિવારને ધમકી આપતા હોય, બાદ ગત તા.૨૧ના આશરે રાત્રીના પોણા દસેક વાગ્યે આરોપી પોતાની ફોરવ્હિલ લઈ આ વિદ્યાર્થીના ઘરે જઈ લોખંડના પાઈપ વડે વિદ્યાર્થી પર હુમલો કરી તેમજ તેમના પિતાને ધક્કો મારી તેમજ વિદ્યાર્થીના પરિવારની મહિલા સાથે મિસ બેહેવિયર કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

## ગામનાં વિકાસ માટે જે પણ માંગ્યુ તે સરકારે ઉદાર હાથે આપ્યુ

# રાજુલાનું છતડીયા ગામ માળખાકીય સુવિધાઓથી સુસજ્જ

નાના એવા ગામમાં બસ સ્ટેન્ડ, આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક શાળા, સીસી રોડ, ૨૪ કલાક પાણી વિતરણ

સીસીટીવી કેમેરા સહિતની આધુનિક સુવિધાઓ પણ ઉભી કરવામાં આવી

રાજ્ય સરકાર અને પ્રશાસનનાં લોકાભિમુખ વહીવટનાં કારણે વિકાસનાં દ્વાર ખુલ્યા

ગામનું એકપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે




અમરેલી, તા. ૨૪

રાજયના વિકાસ અને નાગરિકોના સર્વાંગી કલ્યાણને વરેલી રાજય સરકાર શહેરી વિકાસની સાથે ગામડાઓના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત છે. જેના કારણે અર્થવ્યવસ્થાના મુખ્ય આધારસ્તંભ એવા ગામડાઓ આજે માળખાગત સુવિધાઓથી સમૃદ્ધ બની આર્થિક રીતે સ્વાવલંબી બની રહ્યા છે. ગુજરાતનું આવું જ એક ગામ એટલે રાજુલા તાલુકામાં આવેલું છતડીયા ગામ કે, જયાં સરકારની લોકોપયોગી યોજના અને જિલ્લા પ્રશાસનના લોકાભિમુખ વહીવટના કારણે ગ્રામજીવનમાં સર્વાંગી વિકાસના દ્વાર ખુલ્યા છે.

છતડીયા ગામમાં થયેલા વિકાસ કાર્યો અંગે વાત કરતા સરપંચ મુકેશભાઈ સરવૈયાએ જણાવ્યું હતું કે, અંદાજે ૧૨૦૦ની વસ્તી ધરાવતાં છતડીયા ગ્રામજનોનો મુખ્ય વ્યવસાય કૃષિ છે. વહીવટી તંત્રના ઉમદા આયોજન થકી ગ્રામજનોને શિક્ષણ, આરોગ્ય અને પરિવહન સહિતની સુવિધાઓ ઘર આંગણે મળી રહી છે. ગામની માળખાગત સુવિધાઓ અંગે વાત કરતા ઉમેર્યુ હતું કે, આજે ગામમાં ગ્રામ પંચાયત કચેરી, આંગણવાડી કેન્દ્ર, પ્રાથમિક શાળા, બસ સ્ટેન્ડ, સી.સી. ટી.વી. કેમેરા, ૨૪ કલાક પાણી વિતરણની વ્યવસ્થા, ગામની ત્રણ કિલોમીટરના અંતરે આરોગ્ય કેન્દ્ર અને જાહેર શૌચાલય સહિતની સુવિધાઓ છે.

જિલ્લા પ્રશાસનની પારદર્શિતા અને કાર્ય શૈલી માટે પ્રશંસા કરતા ઉપસરપંચ વીરભદ્રભાઈ ડાભીયાએ કહ્યું હતું કે, 'છતડીયા ગામના વિકાસ માટે જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીનો હંમેશા માટે સકારાત્મક અભિગમ રહ્યો છે. ગ્રામજનોના હિતાર્થે ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયતની ગ્રાન્ટમાંથી જે પણ માંગ્યું તે સરકારે ઉદાર હાથે આપ્યું છે. સરકારની સુવિધાઓ લોકો સુધી ખરા અર્થમાં પહોંચી રહી છે કે નહિ તેની ચકાસણી અર્થે સમયાંતરે ઉચ્ચ અધિકારીઓ દ્વારા ગામની મુલાકાત પણ લેવામાં આવે છે અને જરૂર પડયે માર્ગદર્શન પણ પૂરૂં પાડવામાં આવે છે.'

તેમણે ઉમેર્યુ હતું કે, આજનું બાળક આવતીકાલનું ભવિષ્ય છે, ત્યારે ગામનું એકપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે. વાડી વિસ્તારના બાળકો પણ કોઈપણ પ્રકારની મુશ્કેલી વિના શાળાએ જઈ શકે તે માટે સ્કુલવાન છે. આખા ગામમાં સ્ટ્રીટ લાઈટ પણ લગાવવામાં આવી છે. સુગમ પરિવહન માટે ગામમાં ૮૦ ટકા બ્લોક રોડની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. સ્મશાન ગૃહના આશરે ૨ એકર વિસ્તારમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે. ગ્રામજનોના આરોગ્યની સુખાકારી માટે સ્વ ખર્ચે એમ્બ્યુલન્સ પણ સેવાર્થે આપવામાં આવી છે. વધુમાં લોકો પર્યાવરણની સમીપ રહીને હળવાશનો સમય પસાર કરી શકે અને બાળકોને સ્પોર્ટ્સ એકિટવિટી થકી ખેલકૂદમાં આગળ વધવાની પ્રેરણા મળી શકે તે માટે ભવિષ્યના આયોજનના ભાગરૂપે ગામની વચ્ચે આવેલા તળાવ પાસે રિવરફ્રન્ટ પ્રોજેકટ અને કસરત અને રમત-ગમતના સાધનો સાથે ગાર્ડન બનાવવાનું આયોજન છે.

ગામડાઓના સર્વાંગી વિકાસ માટે રાજય સરકારની કાર્ય નીતિનું જયારે જિલ્લા પ્રશાસનના અધિકારીઓ દ્વારા કટિબદ્ધતા સાથે અમલીકરણ કરવામાં આવે તો તેના કેવા સુંદર પરિણામો મળી શકે છે, તેનું ઉત્તમ ઉદાહરણ અમરેલી જિલ્લાનું છતડીયા ગામ બની રહ્યું છે. સરકારી યોજનાઓના લાભની સાથે વહીવટીતંત્રના અધિકારીઓના સકારાત્મક અભિગમના કારણે આજે છતડીયા ગામ સર્વાંગી વિકાસની દિશામાં હરણફાળ ભરી રહ્યું છે.


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠ્ઠા
Mo. 93770 03636

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, ફિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
50 MBPS ૧૨ મહિના ઈન્સ્ટોલેશન ફ્રી ₹. 6500
WITH OTT 50 MBPS ૧૨ મહિના ઈન્સ્ટોલેશન ફ્રી ₹. 7500
MTL INTERNET
ONU FREE TO USE
MAHAJAN TELNET LLP.
પહેલા માળે, વ્હાઈટ હાઉસ, બસ સ્ટેન્ડ સામે, અમરેલી.
95 86 96 16 01

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત / પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

ફેશન પરિધાનના શોખીન બહેનો માટે ખુશ ખબર... ખુશ ખબર...
આધુનીક અને આજની ફેશનને અનુરૂપ ફેશનેબલ વસ્ત્રો બનાવવા માટે હવે અન્ય શહેરોમાં ન જતાં આપનાં અમરેલીમાં જ "રાધે લેડીઝ ટેઈલર & ડીઝાઈનર" આપની પસંદગીની ડીઝાઈનોમાં અત્યાધુનિક ફેશનબલ વસ્ત્રો બનાવી આપશે જેમાં અત્યાધુનિક સબ્યસાચી બ્લાઉઝ, ટીવી સીરીયલ તેમજ ફિલ્મો જેવા ગુજરાતી, મરાઠી, સાઉથ ઈન્ડિયન, મારવાડી સ્ટાઈલમાં વિવિધ ચણીયા ચોળી ડ્રેસ તેમજ બ્લાઉઝ -વનપીસ તમામ પ્રકારની ચોલી-ગાઉન વિગેરે અત્યાધુનિક ડિઝાઈન-ફેશનને અનુરૂપ ફોટા-વિડિયો ઉપરથી પણ ડિઝાઈનને અનુરૂપ બનાવી આપવામાં આવશે
રાધે લેડીઝ ટેઈલર & ડીઝાઈન
વૃંદાવન પાર્ક-૪, એસ.ટી.ડીવીઝન સામે, લાઠી રોડ - અમરેલી
મો.૯૩૫૫૫ ૭૬૯૯૯









શું તમે હરસ,મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો,સહન ન કરો,સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilo nidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિત્તાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com




### એક મહિનામાં પાર્ટી છોડવા અંગે આપ્યું કારણ

# સુરતની મોડલ હની પટેલે છોડી આમ આદમી પાર્ટી

**આપના શહેર પ્રમુખે આ વિશે ખુલાસો કરતા જણાવ્યું કે, હની પટેલ આપમાં હતા નહિ, તો પાર્ટી છોડવાની વાત ક્યાં આવી**

સુરત, તા.૨૪

સુરતની ગ્લેમરસ ઈન્ફલુએન્સર હની પટેલ AAPમાં જોડાતા સુરતના રાજકારણમાં ગરમાવો આવ્યો હતો. પરંતુ આપમાં જોડાયાના એક મહિના બાદ જ હની પટેલે આમ આદમી પાર્ટીને અલવિદા કર્યું છે. મોડલે સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકીને આપ પાર્ટી છોડવાની જાહેરાત કરી છે. સુરતના ગ્લેમરસ મોડલ હની પટેલ ગત મહિને આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. જેના બાદથી તે વિવાદમાં આવી હતી. હની પટેલ જોડાયા બાદ તરત જ ગાંજા અને બિયરના વીડિયોથી સોશિયલ મીડિયા પર વિવાદ સર્જાયો હતો. સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર અને મોડલ હની પટેલ પાંચ દિવસ પહેલા આપમાં જોડાતા વિવાદ શરૂ થયો હતો. બિયરનો ગ્લાસ ભરતો અને ઈ-સિગારેટ પીતો હની પટેલનો એક વીડિયો વાઈરલ થયો હતો.

હું હની મહેન્દ્રભાઈ રહે.સુરત થોડા દિવસ પહેલા આમ આદમી પાર્ટીની સદસ્ય બનેલ હતી. અને મેં આમ આદમી પાર્ટીના મહિલા કાર્યકર્તા તરીકે સુરતથી આમ આદમી પાર્ટી જોઈન કરી હતી. અને હું આમ આદમી પાર્ટીમાં નિષ્ઠાપૂર્વક કામ કરવા માંગતી હતી. પંરતું મારે મારા પર્સનલ કારણો તેમજ ફેમિલીની જવાબદારી મારા પર હોઈ માટે હું આમ આદમી પાર્ટીમાં સમય આપીને કામ કરી શકુ તેમ નથી. માટે હું મહિલા કાર્યકર્તા તરીકે આમ આદમી પાર્ટમાંથી મારુ રાજીનામું આપું છું. જે લોકોએ મને આમ આદમી પાર્ટીમાં આવકારી મને માન-સન્માન આપ્યું અને મને સાથ-સહયોગ આપ્યો એવા તમામ આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ હુ તહે દિલથી આભાર માનું છું. હની પટેલ અંગે સુરતમાં આપના શહેર પ્રમુખ ધર્મેશ ભંડેરીએ આ વિશે ખુલાસો કરતા જણાવ્યું કે, હની પટેલ આપમાં હતા જ નહિ, તો પાર્ટી છોડવાની વાત ક્યાં આવી. હની પટેલ ફેમસ થવા માટે આવું કરે છે. તેઓ ક્યારેય આપમાં જોડાયા નથી. હવે જો હની પટેલ આપમાં છે જ નહિ તો રાજીનામાનો સવાલ ક્યાંથી આવ્યો.

### અતિશય ખર્ચ સમાજ માટે નુકસાનકારક

# ઠાકોર સમાજે સમાજમાં વ્યાપેલા કુરિવાજો અને અંધશ્રદ્ધા દૂર કરવા માટે કમર કસી

**સાંસદ ગેનીબેન ઠાકોરે કહ્યું હતું કે લગ્ન પ્રસંગો અને અન્ય સામાજિક કાર્યક્રમોમાં થતો અતિશય ખર્ચ સમાજ માટે નુકસાનકારક છે**

બનાસકાંઠા, તા.૨૪

બનાસકાંઠાના પાલનપુરમાં આજે ઠાકોર સમાજની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ જેમાં સમાજના બંધારણને લઈને ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં સાંસદ ગેનીબેન ઠાકોર, ધારાસભ્ય કેશાજી ચૌહાણ સહિત ઠાકોર સમાજના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.



બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી ઠાકોર સમાજ દ્વારા સમાજના બંધારણને લઈને અનેક બેઠકો યોજવામાં આવી રહી છે. સમાજમાં ચાલતા કુરિવાજો અંધશ્રદ્ધા તેમજ વ્યસન મુક્તિ થાય તે માટે સમાજ ના આગેવાનો નેતાઓ દ્વારા અલગ અલગ તાલુકાઓમાં બેઠકો યોજી ને ચર્ચા વિચારણાઓ શરૂ કરવામાં આવી છે.ત્યારે પાલનપુર ખાતે આજે બેઠક મળી જે બેઠકમાં સમાજમાં વ્યાપેલા ખોટા ખર્ચા, કુરિવાજો અને અંધશ્રદ્ધા તેમજ દારૂ ના દુષણ જેવી બાબતો ને લઈ ચર્ચા કરવામાં આવી હતી.આ બેઠક મા પહોંચેલા સાંસદ ગેનીબેન ઠાકોરે કહ્યું હતું કે લગ્ન પ્રસંગો અને અન્ય સામાજિક કાર્યક્રમોમાં થતો અતિશય ખર્ચ સમાજ માટે નુકસાનકારક છે.મોંઘવારીના સમયમાં પ્રસંગ કરવા માટે લોકોને મિલકત વેચવી પડે છે કે પછી વ્યાજે પૈસા લેવા પડે છે. જેનાથી ગરીબ પરિવારો વધુ મુશ્કેલીમાં મુકાય છે. આ સ્થિતિ બદલવા માટે પૈસાદાર અને ગરીબ વચ્ચેનો ભેદભાવ દૂર થાય એવા પ્રયાસો હાથ ધરાયા છે. સમાજમાં શ્રદ્ધા હોવી જોઈએ, પરંતુ અંધશ્રદ્ધા નહીં. દૂધપીતી બાળકીની કુરિવાજ જેવી પ્રથાઓ ડામ આપવા જેવી પ્રથાઓ જેમ બંધ થઈ, તેમ અંધશ્રદ્ધા આધારિત તમામ રિવાજો પણ હવે બંધ થવા જોઈએ.

અંધશ્રદ્ધાના કારણે પરિવારો તૂટી જાય છે. વેરવિખેર થાય છે અને તેથી કાયદામાં પણ કડક જોગવાઈઓ કરવામાં આવી છે. સરકાર દ્વારા પણ અંધ શ્રદ્ધાને લઈને કાયદો પણ બનાવવામાં આવ્યો છે..બેઠકમાં સમાજના આગેવાનોએ ખોટા ખર્ચામા ઓઢમણાં પ્રથા વાસણ પ્રથા મોત મા થનાર જમણવાર પ્રથા તેમજ ઠાકોર સમાજ ના દીકરા દીકરીઓ ના આંતર જ્ઞાતિય લગ્ન મા મા બાપ ની મંજૂરી સહીત ના મુદ્દાઓને લઈને વિશે ચર્ચાઓ કરવામાં આવી હતી.આ વિશે બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોરે કહ્યું કે, સમાજમાં અનેક પ્રકારના કુરિવાજો દૂર થાય સમાજ શિક્ષણમાં આગળ વધે. અંધશ્રદ્ધા દૂર થાય તે માટે સમાજમાં જાગૃતિ માટેના પ્રયત્નો કરવા જોઈએ.

### સુરેન્દ્રનગર જમીન કૌભાંડ

# પૂર્વ કલેક્ટર અને નાયબ મામલતદારના ૧ જાન્યુઆરી સુધીના રિમાન્ડ મંજૂર

**તપાસમાં ખુલાસો થયો છે કે વચેટિયાઓ અને એજન્ટો મારફતે ગેરકાયદેસર રીતે જમીન NA કરાવવાનું મોટું નેટવર્ક ચાલતું હતું**

સુરેન્દ્રનગર, તા.૨૪

સુરેન્દ્રનગર જિલ્લામાં બહુચર્ચિત જમીન સંપાદન અને બિનખેતી (NA) કૌભાંડ મામલે ધરપકડ કરાયેલા પૂર્વ કલેક્ટર રાજેન્દ્ર પટેલ અને નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી સહિતના ચાર આરોપીઓને આજે અમદાવાદની વિશેષ અદાલતમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ આરોપીઓના ૧ જાન્યુઆરી સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા આ મની લોન્ડરિંગ કેસમાં ઊંડી તપાસ કરવા માટે આરોપીઓના ૧૪ દિવસના રિમાન્ડની માગણી કરવામાં આવી હતી. EDએ કોર્ટમાં રજૂઆત કરી હતી કે આ કૌભાંડના મૂળ અત્યંત ઊંડા છે અને તેમાં મોટા પાયે નાણાકીય વ્યવહારો થયા છે, જેની તપાસ માટે કસ્ટડી જરૂરી છે.

તપાસમાં ખુલાસો થયો છે કે વચેટિયાઓ અને એજન્ટો મારફતે ગેરકાયદેસર રીતે જમીન NA કરાવવાનું મોટું નેટવર્ક ચાલતું હતું. નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીના નિવાસસ્થાને પાડેલા દરોડા દરમિયાન EDને રૂ.૬૭.૫૦ લાખની રોકડ મળી આવી હતી. રોકડની સાથે અનેક વાંધાજનક દસ્તાવેજો અને મિલકતના કાગળો પણ જપ્ત કરવામાં આવ્યા છે, જે સીધી રીતે આ કૌભાંડ તરફ ઈશારો કરે છે. ઈડી હવે આ મામલે પકડાયેલા અધિકારીઓની પૂછપરછ કરશે કે આ નાણાં ક્યાંથી આવ્યા અને તેમાં અન્ય કયા મોટા માથાઓ સામેલ છે.

આગામી દિવસોમાં આ કૌભાંડમાં વધુ કેટલાક ખુલાસા થવાની શક્યતા છે. મંગળવાર વહેલી સવારથી જ EDની મહારાષ્ટ્ર, દિલ્હી અને બેંગ્લોરની ટીમોએ સુરેન્દ્રનગરમાં ધામા નાખ્યા હતા. રાજેન્દ્ર પટેલ (સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટર), ચંદ્રસિંહ મોરી (નાયબ મામલતદાર) (ધરપકડ કરાઈ), મયુરસિંહ ગોહિલ (NA શાખાના કલાર્ક), જયરાજસિંહ જાડેજા કલેક્ટરના PA (લખતર સ્થિત નિવાસસ્થાન) અને ડી. ચેતન કણઝરીયા વકીલના નિવાસસ્થાને દરોડા પાડવામાં આવ્યા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર જમીન સંપાદન અને બિનખેતી (NA) કરવાની પ્રક્રિયામાં મોટાપાયે ગેરરીતિ થઈ હોવાની અરજી EDને મળી હતી. આ તપાસમાં EDએ દસ્તાવેજોની ઝીણવટભરી તપાસ હાથ ધરી છે. નોંધનીય છે કે, EDની ટીમે તપાસ દરમિયાન એસીબી(ACB)ના અધિકારીઓ અને એક સોનીને પણ બોલાવ્યા હતા, જે સંપત્તિ અથવા રોકડના મોટા વ્યવહારો તરફ ઈશારો કરે છે. જિલ્લા કલેક્ટરના નિવાસસ્થાને જ ED ત્રાટકતા આખા જિલ્લાના સરકારી બાબુઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

આ સમગ્ર કેસમાં સૌથી શંકાસ્પદ પાસું એ છે કે, EDના દરોડા પડ્યા તેના માત્ર ત્રણ દિવસ પહેલા જ કલેક્ટર રાજેન્દ્ર પટેલે અચાનક NA (બિનખેતી) શાખાને વિખેરી નાખી હતી. નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી અને કલાર્ક મયુરસિંહ ગોહિલની તાત્કાલિક બદલી કરી દેવામાં આવી હતી.

હાલમાં ચંદ્રસિંહ મોરીને અમદાવાદની સ્પેશિયલ કોર્ટમાં રજૂ કરવાની પ્રક્રિયા ચાલુ છે. ED દ્વારા જપ્ત કરાયેલા દસ્તાવેજો અને ડિજિટલ પુરાવાઓના આધારે આગામી દિવસોમાં અન્ય મોટા માથાની પણ ધરપકડ થાય તેવી પૂરેપૂરી શક્યતા છે.

### ૧૪ છગ્ગા, ૩૩ બોલમાં તોફાની સદી

# અમદાવાદમાં સ્ટાર બેટર ઈશાન કિશને બતાવ્યો પાવર

**કેપ્ટન અને વિકેટ કીપર તરીકે છઠ્ઠા નંબર પર ઉતરીને ઈશાને જે કર્યું, તેણે લિસ્ટ-છ ક્રિકેટની વ્યાખ્યા જ બદલી નાખી**

અમદાવાદ, તા.૨૪

ઝારખંડના કેપ્ટન ઈશાન કિશને બુધવારે વિજય હજારે ટ્રોફીમાં ધમાકેદાર સદી ફટકારીને ઈતિહાસ રચી દીધો છે. કિશને અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં કર્ણાટક સામે માત્ર ૩૩ બોલમાં ધમાકેદાર સદી ફટકારી છે. આમ ઈશાન કિશનની સ્ટોરી માત્ર કમબેક નથી રહી, તે એક ઘોષણા બની ગઈ છે, જે સ્કોરબોર્ડ પર નહીં પરંતુ રેકોર્ડ બુકમાં નોંધાઈ છે. વિજય હજારે ટ્રોફીમાં ઉતરતા જ ઈશાન કિશને ધમાકો કર્યો છે. ઝારખંડની ઈનિંગ ૫૦ ઓવરમાં ૪૧૨ રન સુધી કેવી રીતે પહોંચી તેનો જવાબ માત્ર આંકડાઓમાં નહીં, પરંતુ ઈશાન કિશનની ૩૯ બોલમાં ૧૨૫ રનની ધમાકેદાર ઈનિંગ્સમાં છુપાયેલો છે. કેપ્ટન અને વિકેટકીપર તરીકે છઠ્ઠા નંબર પર ઉતરીને ઈશાને જે કર્યું, તેણે લિસ્ટ-છ ક્રિકેટની વ્યાખ્યા જ બદલી નાખી. માત્ર ૩૩ બોલમાં સદી, જેમાં ૭ ચોગ્ગા, ૧૪ છગ્ગા અને ૩૨૦થી વધુનો સ્ટ્રાઈક રેટ. આ ભારતની બીજી સૌથી ઝડપી લિસ્ટ-છ સદી છે.

કિશન વિજય હજારે ટ્રોફીમાં સદી ફટકારનાર બીજો સૌથી ઝડપી બેટ્સમેન બન્યો છે. વિજય હજારે ટ્રોફીના ઈતિહાસમાં સૌથી ઝડપી સદીનો રેકોર્ડ બિહારના સાકિબુલ ગનીના નામે છે, જેણે બુધવારે જ અરુણાચલ પ્રદેશ સામે માત્ર ૩૨ બોલમાં સદી ફટકારી હતી.

જોકે, ઈશાન કિશને બિહારના ઓપનર વૈભવ સૂર્યવંશીનો રેકોર્ડ તોડી નાખ્યો છે, જેણે અરુણાચલ પ્રદેશ સામે ૩૬ બોલમાં સદી ફટકારી હતી. જેને કિશને પાછળ છોડી દીધો છે. ઈશાન કિશનની આ ઈનિંગની સોશિયલ મીડિયા પર ખૂબ પ્રશંસા થઈ રહી છે. આ પ્રશંસા તેના રેકોર્ડ માટે નહીં, પરંતુ મિડલ ઓર્ડરમાં સદી ફટકારવા માટે થઈ રહી છે. કિશન ઝારખંડ માટે છઠ્ઠા નંબર પર બેટિંગ કરવા માટે ઉતર્યો અને તેણે જબરદસ્ત ફોર્મ દેખાડ્યું.

સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં ઈશાન કિશને સ્પષ્ટતા આપવાના બદલે સ્કોરબોર્ડને બોલવા દીધું. ૧૯૭.૩૨નો સ્ટ્રાઈક રેટ, ટુર્નામેન્ટમાં સૌથી વધુ રન, સૌથી વધુ છગ્ગા અને ઝારખંડને પ્રથમ ટાઈટલ. આ માત્ર ફોર્મ નહોતું, તે અંદર ઉભરી રહેલા ગુસ્સા અને હતાશાનો જવાબ હતો. એક કેપ્ટન તરીકે તેના નિર્ણયો એટલા જ આક્રમક હતા, જેટલી તેની બેટિંગ.

હવે વિજય હજારે ટ્રોફી અને પહેલી જ મેચમાં ઈશાન કિશને સાબિત કરી દીધું કે, ૨૦ વર્લ્ડ કપ ટીમમાં તેનો સમાવેશ કોઈ ઉપકાર નથી, પરંતુ એક જરૂરિયાત છે. છઠ્ઠા ક્રમે આવીને ૩૯ બોલમાં ૧૨૫ રન ફટકારવા, તે દર્શાવે છે કે આ બેટ્સમેન માત્ર ઓપનર જ નથી, પણ મેચ ફિનિશર અને ગેમ ચેન્જર પણ છે. ઝારખંડનો ૪૧૨-૯ સ્કોર કોઈ સંયોગ નથી, તે કિશન ઈફેક્ટ છે. આ રોમાંચક ઈનિંગ દરમિયાન કિશને ૫૦ રન ૨૦ બોલમાં પૂરા કરી લીધા હતા. શનિવારે પસંદ કરાયેલી ૧૫ સભ્યોની ૨૦ વર્લ્ડ કપ ટીમમાં ઈશાન કિશનનો સમાવેશ હવે માત્ર પસંદગી નથી, પરંતુ ન્યાય લાગે છે. આ સ્ટોરી શીખવે છે કે ક્રિકેટમાં રસ્તા ભલે બદલાઈ, પરંતુ ક્લાસ, ભૂખ અને આત્મવિશ્વાસ પાછા ફરવાનું જાણે છે.

### રેલવે AIની મદદથી રોકશે અકસ્માત

# હવે રેલની પટરીઓ ઉપર નહિ થાય પ્રાણીઓના મોત

**હાથીઓના મોતની ઘટના બાદ પાટા પર AI નો ઉપયોગ કરીને હાથી અને વાઘને બચાવવાની તૈયારીઓ**

નવી દિલ્હી, તા.૨૪

આસામમાં પાટા પર ૭ હાથીઓના મૃત્યુ બાદ રેલ્વેએ AI-આધારિત સિસ્ટમનો ઉપયોગ કરીને એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ભારતીય રેલ્વેએ રેલ્વે ટ્રેક પર હાથીઓ સહિત વન્યજીવનનું રક્ષણ કરવા માટે AI-આધારિત ઈન્ટ્રૂઝન ડિટેક્શન સિસ્ટમ (IDS) તૈનાત કરી છે. આ સિસ્ટમ ડિસ્ટ્રિબ્યુટેડ એકોસ્ટિક સિસ્ટમ (DAS) ટેકનોલોજી પર આધારિત છે, જે પાટા નજીક હાથીઓની હાજરી શોધી કાઢશે.

નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NFR) ના ૧૪૧ રૂટ કિલોમીટર પર સિસ્ટમ સફળતાપૂર્વક લાગુ કરવામાં આવી છે. સકારાત્મક પરિણામો બાદ, ૯૮૧ રૂટ કિલોમીટર માટે નવા ટેન્ડર જારી કરવામાં આવ્યા છે. કુલ મળીને, સિસ્ટમ હવે ૧,૧૨૨ રૂટ કિલોમીટર પર લાગુ કરવામાં આવશે.

ભારતીય રેલ્વેએ રેલ્વે ટ્રેક પર વન્યજીવન સુરક્ષા માટે તેની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત સિસ્ટમને મજબૂત બનાવી છે. ભારતીય રેલ્વેએ રેલ્વે ટ્રેક પર હાથીઓ સહિત વન્યજીવનનું રક્ષણ કરવા માટે AI-આધારિત ઈન્ટ્રૂઝન ડિટેક્શન સિસ્ટમ (IDS) તૈનાત કરી છે. રેલ્વેએ ટ્રેક પર હાથીઓ, સિંહ અને વાઘથી બચવા માટે લોકો પાઈલટ્સને અડધો કિલોમીટર અગાઉ ચેતવણી આપવા માટે છેં-આધારિત કેમેરા સ્થાપિત કર્યા છે. હાથીઓની હાજરી શોધવા માટે ડિસ્ટ્રિબ્યુટેડ એકોસ્ટિક સિસ્ટમ (DAS) નો ઉપયોગ કરીને AI-આધારિત ઈન્ટ્રૂઝન ડિટેક્શન સિસ્ટમ પણ રેલ્વે ટ્રેક પર સ્થાપિત કરી છે.

તે કેવી રીતે કાર્ય કરે છે :- વાસ્તવિક સમયમાં રેલ્વે ટ્રેક નજીક હાથીઓની પ્રવૃત્તિ શોધી કાઢે છે. લોકો પાઈલટ્સ, સ્ટેશન માસ્ટર્સ અને કંટ્રોલ રૂમને તાત્કાલિક ચેતવણીઓ મોકલે છે. AI-આધારિત કેમેરા ટ્રેનના આગમનના ૦.૫ કિલોમીટર પહેલા ચેતવણીઓ આપે છે.હાથી, સિંહ અને વાઘ જેવા વન્યજીવનને લગતા અકસ્માતોને રોકવામાં મદદ કરે છે. ટેકનોલોજી આધારિત ઉકેલો માનવ અને વન્યજીવન બંને માટે સલામતી સુનિશ્ચિત કરે છે. હાથી, સિંહ અને વાઘ જેવા વન્યજીવોને લગતા અકસ્માતોને રોકવામાં મદદ કરે છે. આ ટેકનોલોજી-આધારિત ઉકેલ માનવ અને વન્યજીવન બંનેની સલામતી સુનિશ્ચિત કરશે.

### કોહલીએ રચ્યો ઈતિહાસ

# રોહિત શર્માએ પણ તોફાની બેટિંગ કરીને દિલ જીત્યા

**કોહલીની વિસ્ફોટક બેટિંગથી દિલ્હીનો વિજય થયો**

નવી દિલ્હી, તા.૨૪

ભારતની પ્રતિષ્ઠિત સ્થાનિક વન-ડે ટૂર્નામેન્ટ વિજય હજારે ટ્રોફીનો બુધવારથી શાનદાર પ્રારંભ થયો છે. આ વખતે ટૂર્નામેન્ટમાં ભારતીય ક્રિકેટના બે દિગ્ગજ સુપરસ્ટાર્સ વિરાટ કોહલી અને રોહિત શર્મા રમતા જોવા મળતા મેદાન પર રનનો વરસાદ થયો છે. દિલ્હી તરફથી રમતા વિરાટ કોહલીએ ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે, જ્યારે મુંબઈ માટે રમતા હિટમેન રોહિત શર્માએ સિક્કિમના બોલરોની ધુલાઈ કરીને આક્રમક સદી ફટકારી ચાહકોને ખુશ ખુશ કરી દીધા છે.

પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી આંધ્રને ટીમે ૫૦ ઓવરમાં ૮ વિકેટે ૨૯૮ રન ફટકાર્યા હતા. જેના જવાબમાં દિલ્હીની ટીમે ૩૭.૪ ઓવરમાં ૬ વિકેટે ૩૦૦ રન નોંધાવી મેચ જીતી લીધી છે. દિલ્હી તરફથી રમી રહેલા વિરાટ કોહલીએ ૧૦૧ બોલમાં ત્રણ સિક્સ અને ૧૪ ફોર ફટકારી ૧૩૧ રન નોંધાવ્યા છે. તો આંધ્ર પ્રદેશ તરફથી રિકી બુઈજે ૧૦૫ બોલમાં સાત સિક્સ અને ૧૧ ફોર સાથે ૧૨૨ રન નોંધાવ્યા છે.

આ મેચમાં કોહલીએ માત્ર એક રન બનાવતાની સાથે જ લિસ્ટ-એ ક્રિકેટમાં ૧૬૦૦૦ રન પૂરા કરવાનો આંકડો પાર કર્યો હતો. સચિન તેંડુલકર પછી આ સિદ્ધિ મેળવનાર વિરાટ માત્ર બીજો ભારતીય બેટ્સમેન બન્યો છે, જ્યારે વિશ્વ સ્તરે તે આ કીર્તિમાન સ્થાપિત કરનાર ૯મો ખેલાડી છે. કોહલીએ પોતાની જૂની શૈલીમાં બેટિંગ કરતા ૮૩ બોલમાં સદી પૂરી કરી હતી. બીજી તરફ જયપુરમાં રમાયેલા મુકાબલામાં મુંબઈના કેપ્ટન રોહિત શર્માએ સિક્કિમ સામે તાંડવ મચાવ્યું હતું. ૨૩૭ રનના ટાર્ગેટ સામે રોહિતે મેદાનની ચારેબાજુ ફટકાબાજી કરી માત્ર ૬૧ બોલમાં સદી ઠોકી દીધી હતી. હિટમેને ૯૪ બોલમાં ૯ સિક્સ અને ૧૮ ફોર ફટકારી ૧૫૫ રનની તોફાની ઈનિંગ રમી હતી. રોહિતની આ ઈનિંગના પ્રતાપે મુંબઈની ટીમે આસાનીથી મેચ જીતી લીધી છે. જયપુરના મેદાન પર રોહિતની બેટિંગ જોવા માટે મોટી સંખ્યામાં ક્રિકેટ પ્રેમીઓ ઉમટી પડ્યા હતા.

લિસ્ટ-એ ક્રિકેટમાં (વન-ડે ઈન્ટરનેશનલ અને ઘરેલું ૫૦ ઓવરની મેચો પણ સામેલ) સૌથી વધુ રનનો રેકોર્ડ ઈંગ્લેન્ડના ગ્રેહામ ગૂચના નામે છે. ભારતીય ખેલાડીઓમાં હવે વિરાટ કોહલીએ સચિન તેંડુલકરના ક્લબમાં એન્ટ્રી કરી લીધી છે. વિજય હજારે ટ્રોફીના પ્રથમ દિવસે જ આ બે દિગ્ગજોના ફોર્મે આવનારી મેચો માટે ઉત્સાહ વધારી દીધો છે.

### અમારી વિચારધારા એક જ છે : ઉદ્ધવ ઠાકરે

# ૨૦ વર્ષ બાદ એક સાથે આવ્યા ઠાકરે બંધુઓ, BMC ચૂંટણી ગઠબંધનમાં લડવા કરી જાહેરાત

**મુંબઈ અમારા ઝઘડાથી મોટું છે, આજે અમે બંને ભાઈ સાથે છીએ : સીટોની વહેંચણી પણ મહત્ત્વની નથી : મેયર મરાઠી હશે અને તે અમારો હશે : રાજ ઠાકરે**

મુંબઈ, તા.૨૪

બૃહદમુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ની ચૂંટણી આવતા મહારાષ્ટ્રના રાજકારણમાં પણ ગરમાવો આવી જાય છે. આ ચૂંટણીમાં ૨૦ વર્ષ પછી ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે એકસાથે જોવા મળી રહ્યા છે. શિવસેના (ઉદ્ધવ જૂથ) અને રાજ ઠાકરેની (મહારાષ્ટ્ર નવનિર્માણ સેના)એ જાહેર કર્યું છે કે, હવે તેઓ મહારાષ્ટ્રની ૨૯ મહા નગરપાલિકાની ચૂંટણી સાથે મળીને લડશે. આ જાહેરાત પહેલા પરિવારજનોએ બંને ભાઈની એકસાથે આરતી ઉતારીને શુભેચ્છાઓ આપી હતી. આ દરમિયાન મુંબઈમાં એક સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેએ આ ગઠબંધનની સત્તાવાર જાહેરાત કરી હતી. સૂત્રોના જણાવ્યાનુસાર, બંને પક્ષે બીએમસીની કુલ ૨૨૭ બેઠકની વહેંચણી પર પણ આખરી મહોર મારી દીધી છે.

સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેએ આ ગઠબંધનની સત્તાવાર જાહેરાત કરી હતી. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે, મહારાષ્ટ્રનું નેતૃત્વ ફક્ત ઠાકરે જ કરી શકે. મહારાષ્ટ્રના આંદોલનમાં ૧૦૭ લોકોના મોત થયા હતા. તે આંદોલનની આગેવાની અમારા દાદાએ કરી હતી. મારા અને રાજ ઠાકરેના પિતા પણ તે આંદોલનમાં સામેલ હતા. મરાઠીઓના અધિકાર માટે શિવસેનાની સ્થાપના થઈ હતી. અમે દિલ્હીમાં બેઠેલા લોકોને રોકવા સાથે આવ્યા છીએ. અમારી વિચારધારા એક જ છે. અમને મરાઠીઓના બલિદાન યાદ છે. આ વખતે અમારે તૂટવાનું નથી. જો એવું થયું તો તે બલિદાનોનું અપમાન ગણાશે. આ દરમિયાન રાજ ઠાકરેએ કહ્યું કે, મુંબઈ અમારા ઝઘડાથી મોટું છે. આજે અમે બંને ભાઈ સાથે છીએ. સીટોની વહેંચણી પણ મહત્ત્વની નથી. મુંબઈનો મેયર મરાઠી હશે અને તે અમારો હશે.

સૂત્રોના જણાવ્યાનુસાર, બીએમસની ચૂંટણી માટે ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે વચ્ચે સંમતિ સધાઈ ગઈ છે. એવું કહેવાય છે કે, બીએમસીની કુલ ૨૨૭ બેઠક છે, જે પૈકી શિવસેના (ઉદ્ધવ જૂથ) ૧૪૫-૧૫૦ અને રાજ ઠાકરેની મનસે ૬૫-૭૦ બેઠક ચૂંટણી લડી શકે છે. હાલમાં જ મહારાષ્ટ્રની સ્થાનિક એકમની ચૂંટણીમાં ભાજપ, શિવસેના (શિંદે જૂથ) અને એનસીપીના ગઠબંધન હેઠળની મહાયુતિ સામે કારમા પરાજયનો સામનો કર્યા બાદ ઠાકરે બંધુઓએ એક થવાનો નિર્ણય કર્યો હતો. ઉદ્ધવ ઠાકરેની શિવેસના ગત બીએમસી ચૂંટણીમાં જીતેલી ૮૪ પૈકી ૧૨-૧૫ બેઠક મનસેને આપવા તૈયાર હતી, પરંતુ કેટલીક પ્રતિષ્ઠાભરી બેઠકો પર કોયડો ગૂંચવાયો હતો, જે હવે ઉકેલાઈ ગયો હોવાનું મનાય છે. આ ગઠબંધન પાછળ લાંબી ચર્ચાનો દોર ચાલ્યો હતો. શિવસેના (ઉદ્ધવ જૂથ)ના સાંસદ સંજય રાઉત રાજ ઠાકરેના નિવાસસ્થાન શિવતીર્થ જઈને મળ્યા હતા. આ બેઠક પછી રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના નેતાઓ પણ ઉદ્ધવ ઠાકરેના નિવાસસ્થાન માતોશ્રી પહોંચ્યા હતા, જ્યાં તેમણે એક થવાના નિર્ણય પર અંતિમ મહોર મારી હતી. નોંધનીય છે કે, આ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં મંચ પર ઉદ્ધવ ઠાકરે સાથે તેમના પુત્ર આદિત્ય ઠાકરે અને રાજ ઠાકરે સાથે તેમના પુત્ર અમિત ઠાકરે પણ હાજર હતા.

મહારાષ્ટ્રની ૨૨૮ નગર પરિષદો અને પંચાયતોની ચૂંટણીમાં ભાજપ, શિવસેના (શિંદે જૂથ) અને એનસીપી (અજિત પવાર જૂથ)ની મહાયુતિએ ૨૨ ડિસેમ્બરે જોરદાર જીત હાંસલ કરી હતી. આ ચૂંટણીમાં મહાયુતિએ ૨૦૭ અધ્યક્ષ પદ જીત્યા હતા, જ્યારે ભાજપ એકલા હાથે ૧૧૭ બેઠક પર જીત હાંસલ કરીને સૌથી મોટો પક્ષ બન્યો હતો. આ ચૂંટણીમાં શિવસેના (ઉદ્ધવ જૂથ) અને એનસીપી (શરદ પવાર જૂથ)નું મહાવિકાસ અઘાડી ગઠબંધન માંડ ૪૪ બેઠક જીત્યું હતું. આ પહેલા બીએમસીની છેલ્લી ચૂંટણી ૨૦૧૭માં થઈ હતી. એ વખતે ૨૨૭ બેઠકો પૈકી શિવસેનાએ સૌથી વધુ ૮૪ અને ભાજપે ૮૨ બેઠક પર જીત હાંસલ કરી હતી. તો કોંગ્રેસે ૩૧ અને મનસેએ ફક્ત ૭ બેઠક જીતી હતી.

### ઉદ્ધવ ઠાકરે-રાજ ઠાકરે ગઠબંધન પર કોંગ્રેસની પ્રતિક્રિયા

# કોંગ્રેસ અને રાજ ઠાકરેની પાર્ટીના રસ્તા ક્યારેય એક થઈ શકે નહીં

**મહારાષ્ટ્રમાં ૧૫ જાન્યુઆરીએ યોજાનારી મહત્વની BMC ચૂંટણી પહેલાં રાજકીય સમીકરણો બદલાઈ રહ્યા છે**

મુંબઈ, તા.૨૪

મહારાષ્ટ્રના રાજકારણમાં બુધવારે (૨૪ ડિસેમ્બર) એક મોટી ઘટના બની, જ્યારે વર્ષો જૂના મતભેદો બાજુએ મૂકીને ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેએ હાથ મિલાવ્યા. આ ગઠબંધન માત્ર મુંબઈ પૂરતું સીમિત નથી પરંતુ સમગ્ર રાજ્ય માટે છે. જોકે, મહાવિકાસ આઘાડી (MVA) ના સાથી પક્ષ કોંગ્રેસે આ અંગે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી દીધી છે. કોંગ્રેસ નેતા વિજય વડેટ્ટીવારે કહ્યું છે કે પરિવાર એક થાય તેનાથી અમને આનંદ છે, પરંતુ કોંગ્રેસ અને રાજ ઠાકરેની પાર્ટી (MNS) ના રસ્તા ક્યારેય એક થઈ શકે નહીં.

મહારાષ્ટ્રમાં ૧૫ જાન્યુઆરીએ યોજાનારી મહત્વની BMC (બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન) ચૂંટણી પહેલાં રાજકીય સમીકરણો બદલાઈ રહ્યા છે. શિવસેના (UBT) પ્રમુખ ઉદ્ધવ ઠાકરે અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS) ના વડા રાજ ઠાકરે વચ્ચે થયેલા ગઠબંધને રાજ્યના રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે. બંને પિતરાઈ ભાઈઓના પુનઃમિલનથી કાર્યકરોમાં અનેરો ઉત્સાહ છે. જોકે, આ ગઠબંધન પર કોંગ્રેસની પ્રતિક્રિયા ખૂબ જ સૂચક રહી છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા વિજય વડેટ્ટીવારે આ ગઠબંધન પર પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, "રાજકારણ પોતાની જગ્યાએ છે અને પરિવાર પોતાની જગ્યાએ. જો બે ભાઈઓ મુંબઈના હિતમાં સાથે આવતા હોય તો અમને કોઈ સમસ્યા નથી, અમે ખુશ છીએ. પરંતુ એ વાત યાદ રાખવી જોઈએ કે કોંગ્રેસની વિચારધારા મનસે સાથે ક્યારેય મેચ થતી નથી અને અમે તેમની સાથે ગઠબંધન કરવા ક્યારેય તૈયાર ન હતા અને રહીશું પણ નહીં." તેમણે સ્પષ્ટ કર્યું કે અમારું ગઠબંધન ઉદ્ધવ ઠાકરે અને શરદ પવાર સાથે છે અને રહેશે.

નાગપુરમાં મીડિયા સાથે વાતચીત દરમિયાન વડેટ્ટીવારે કોંગ્રેસની તાકાતનો પરચો આપતા કહ્યું હતું કે, "તાજેતરમાં યોજાયેલી નગરપાલિકા અને મ્યુનિસિપલ કાઉન્સિલની ચૂંટણીના પરિણામો સાબિત કરે છે કે કોંગ્રેસ મહાવિકાસ આઘાડીમાં સૌથી મોટી પાર્ટી બનીને ઉભરી છે." તેમણે આંકડાઓ ટાંકતા કહ્યું કે મેયર પદ હોય કે કોર્પોરેટરની બેઠકો, કોંગ્રેસે ગઠબંધન વગર એકલા હાથે લડીને અન્ય બે સાથી પક્ષો (શરદ પવાર જૂથ અને ઉદ્ધવ જૂથ) કરતાં વધુ સફળતા મેળવી છે. આ પરિણામો દર્શાવે છે કે કોંગ્રેસના પાયાના કાર્યકરો સ્થાનિક ચૂંટણીઓ સ્વતંત્ર રીતે લડવા માંગે છે.

### ખનિજ ખોદકામ માટે

# અરવલ્લીની ગિરિમાળા કપાશે તો ઉત્તર ગુજરાત રણમાં ફેરવાઈ જશે

**આ પર્વતમાળા ગુજરાતમાં આવતા ગરમ પવનને રોકવામાં મદદરૂપ થાય છે, ત્યારે પર્વતમાળાની ઉંચાઇ ઘટે તે ગુજરાતને પોષાય તેમ નથી**

ગાંધીનગર, તા.૨૪

ઉત્તર ભારતથી લઈ ગુજરાત સુધી ફેલાયેલી અરવલ્લી પર્વતમાળમાં ખોદકામના મુદ્દે દેશભરમાં 'અરવલ્લી બચાવા અભિયાન' શરૂ થઈ ગયું છે. વિકાસના નામે વિનાશની પરવાનગીથી પર્યાવરણનો સફાયો થતાં ઈકો સિસ્ટમ પર તેની ખરાબ અસરો પડશે. ગુજરાત રાજસ્થાનની સરહદ પર પહાડો અને વનરાજીના અલૌકિક અદ્ભૂત દ્રશ્ય જોવા મળે છે. તસ્વીરમાં બનાસકાંઠામાં આવેલા જેસોર હિલથી દેખાતી અરવલ્લી પર્વતમાળાના અદ્ભુત દર્શન થાય છે. આવા સુંદર દેખાતા પર્વતો પર 'બુલડોઝરો' ફરી વળશે અને ખાનાખરાબી કરશે. ખનીજ માટેનું ખનન પર્યાવરણને ભારે નુકસાન પહોંચાડશે.અરવલ્લીની ગીરીમાળાને લઈને સુપ્રિમ કોર્ટના ચુકાદા બાદ ગેરકાયદેસર ખનીજ ખનન થવાની સંભાવના વધી છે જેના પગલે રાજસ્થાનમાં વિરોધનો સૂર ઉઠયો છે જેની આગ ગુજરાતમાં પણ લાગી છે. આ તરફ પર્યાવરણવિદોએ એવી ભિતી વ્યક્ત કરી છે કે, જો અરવલ્લીની ગીરીમાળામાં ગેરકાયદેસર ખનિજ ખોદકામ થશે તો, રાજસ્થાન જ નહીં, ગુજરાત પણ નુકસાનથી બાકાત નહી રહી શકે.રાજસ્થાનના રણની રેત ગુજરાતમાં પ્રવેશસે પરિણામે ઉત્તર ગુજરાતમાં રણપ્રદેશમાં ફેરવાય તો નવાઈ નહી. સાથે સાથે સાબરમતી અને મેશ્વો નદીમાં પાણીની આવકમાં ઘટાડો થઈ શકે છે. અરવલ્લીની ગિરિમાળાનું આગવું ભૌગોલિક મહત્ત્વ રહ્યું છે. અરવલ્લીની ગિરિમાળા આજે ગુજરાત માટે રક્ષક દિવાલ બની રહી છે.

જો ૧૦૦ મીટર વ્યાખ્યાને ધ્યાને લેવાય તો ૮૦ ટકા પર્વતો અસર વર્તાય તેમ છે. અરવલ્લીની ગીરીમાળાએ સાબરમતી અને મેશ્વો નદીનું ઉદગમ સ્થાન છે, ત્યારે જો ગેરકાયેદસર ખનીજ ખોદકામ થાય તો બંને નદીમાં પાણીની આવક બંધ થઈ જશે. આ ઉપરાંત બંને નદી પર બંધાયેલાં ડેમો પાણી વિના ખાલી થઈ જશે તેવી ભીતિ વ્યક્ત કરતાં પર્યાવરણવિદ મહેશ પંડ્યાનું કહેવુ છે કે, 'અરવલ્લીની ગીરીમાળાની ઊંચાઈ ઘટી જાય તો, રાજસ્થાનના રણની રેત ગુજરાતમાં પ્રવેશી શકે છે.

પરિણામે એવી પરિસ્થિતીનું નિર્માણ થાય કે, રેતીને લીધે ઉત્તરે ગુજરાતના બનાસકાંઠા અને સાબરકાંઠા જીલ્લામાં ફળદ્રુપ જમીન બંજર બની જાય તો નવાઈ નહીં. ખેતીને નુકસાન થતાં ખેડૂતોને મોટો ફટકો પડે તેમ છે.'આ પર્વતમાળા ગુજરાતમાં આવતા ગરમ પવનને રોકવામાં મદદરૂપ થાય છે, ત્યારે પર્વતમાળાની ઉંચાઈ ઘટે તે ગુજરાતને પોષાય તેમ નથી. ગુજરાતમાં ગીર સહિત અન્ય અભ્યારણો છે જ્યાં પ્રતિબંધ હોવા છતાંય ગેરકાયેદસર ખનીજ ખનન ચાલી રહ્યું છે. રિસોર્ટ સહિત વ્યવસાયિક પ્રવૃતિ ધમધમી રહી છે. ૧૦૦ મીટરથી ઓછી ઊંચાઈ ધરાવતાં પહાડો દૂર થશે તો આદિવાસીઓનું પણ અસ્તિત્વ જોખમાશે જેના પગલે સાબરકાંઠા અને અરવલ્લીમાં પણ રેલી-વિરોધ પ્રદર્શન થઈ રહ્યાં છે.

# વંડા : પી.પી.એસ. હાઇસ્કૂલ ખાતે ''રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન''ની ઉજવણી કરાઇ






સમગ્ર ભારતમાં ગ્રાહકોના અધિકારો અને જરૂરિયાતો અંગે જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે દર વર્ષે ૨૪ ડિસેમ્બરના રોજ ''રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર'' દિવસ મનાવવામાં આવે છે. આ દિવસે વિવિધ જગ્યાએ ગ્રાહક જાગૃતિ અંગેનાં સેમિનાર યોજીને ગ્રાહકોમાં જાગૃતિ લાવવાના પ્રયાસો કરવામાં આવે છે તે અંતર્ગત તા.૨૪ ડીસે.ના રોજ સા.કુંડલા તાલુકાની પી.પી.એસ. હાઈસ્કૂલ વંડામાં ચિત્ર, રંગપુરણી, નિબંધ તેમજ વકતૃવ સ્પર્ધાઓ યોજી રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિનની શાનદાર ઉજવણી કરવામા આવી હતી જે અંતર્ગત શાળાના ગ્રાહક સુરક્ષા કલબના સંચાલક પ્રવીણભાઈ ઝીંઝુવાડીયાએ આ દિન વિશે વિશેષ વિદ્યાર્થીઓને માહીતી આપતા જણાવ્યું હતું કે માણસ જન્મતા સાથે જ એક ગ્રાહક બની જાય છે. રોજ સવાર પડતાની સાથે આપણે આપણા ઉપયોગ માટેની વસ્તુઓની ખરીદી કરીએ છીએ, ત્યારે કેટલીક વખતે છેતરપિંડીનો ભોગ પણ બનીએ છીએ. આથી વિકસિત બજારોના નિર્માણમાં એક જાગૃત ગ્રાહકની ભૂમિકા ઘણી અગત્યની છે. શાળાની વિદ્યાર્થીની બહેનોમાં બાવળિયા અસ્મા, વઘાસિયા પ્રિયાંશી, સોલંકી ખુશી, સરવૈયા ક્રિષ્નાએ ગ્રાહકોના અધિકારો વિષે વિવિધ માહીતી આપી હતી. ગ્રાહક બાબતોના વિભાગ દ્વારા ગ્રાહક જાગૃતિ કાર્યક્રમ ''જાગો ગ્રાહક જાગો'' પણ શરૂ કરવામાં આવ્યો છે. આ પહેલના ભાગરૂપે સરકારે ગ્રાહકલક્ષી માહિતી અને શિક્ષણ માટે પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક મીડિયામાં જાહેરાતો, આડિયો ઝુંબેશ અને વિડિયો ઝુંબેશ દ્વારા ગ્રાહક જાગૃતિ લાવવાના પ્રયાસોપણ હાથ ધર્યા છે. ૨૪ ડિસેમ્બર,૧૯૮૬ના રોજ ''ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૧૯૮૬'' (Consumer Protection Act, 1986) બિલ પસાર થયું હતું. સૌપ્રથમ રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ વર્ષ ૨૦૦૦માં મનાવવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન શાળાના શિક્ષક પ્રહલાદભાઈ ચૌહાણે વિદ્યાર્થીઓને ઉદેશીને જણાવ્યુ હતુ કે ગ્રાહક સુરક્ષા અધિનિયમનો ઉદ્દેશ ગ્રાહકોને વિવિધ પ્રકારના શોષણ જેવા કે ખામીયુકત માલ, સેવાઓમાં ઉણપ અને અયોગ્ય વેપાર વ્યવહાર સામે અસરકારક રીતે રક્ષણ પૂરૂં પાડવાનો છે. ગ્રાહક સુરક્ષા કાયદો ગ્રાહકોને તેમના અધિકારો આપવા માટે લાગુ કરવામાં આવ્યો છે. આ કાયદા હેઠળ હવે કોઈપણ ગ્રાહક અયોગ્ય વ્યાપારની ફરિયાદ કરી શકે છે. ગ્રાહક સુરક્ષા કાયદા હેઠળ ગ્રાહકોને સંરક્ષણનો અધિકાર, માહિતીનો અધિકાર, પસંદ કરવાનો અધિકાર, નિવારણનો અધિકાર, ગ્રાહક શિક્ષણનો અધિકાર આપવામાં આવ્યો છે. આ અધિકારોનો ઉપયોગ કરીને ગ્રાહકો કોઈપણ સમસ્યાનું સમાધાન મેળવી શકે છે ગ્રાહક તરીકે આપણી પણ ફરજ છે કે, દરેક ચીજ વસ્તુઓ ખરીદતી વખતે હંમેશા પાકુંબિલ લેવાનો આગ્રહ રાખીએ. ગ્રાહકો કાયદા જાણે અને પોતાના અધિકારોથી વાકેફ બને, તે આવશ્યક છે. કારણ કે ગ્રાહકો જાગૃત્ત હશે તો જ તેઓ પોતાના રક્ષણ અર્થે આગળ આવી ફરિયાદ કરી શકશે સાથેસાથે ''જાગો ગ્રાહક જાગો''નું સૂત્ર સંપૂર્ણપણે સાર્થક બનશે. ગ્રાહકો ગુજરાત રાજય ગ્રાહક હેલ્પલાઈનનો ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૦૨૨૨ નો પણ જરૂર જણાયે ઉપયોગ કરી શકે છે. જન જાગૃત્તિના આ કાર્યક્રમની ઉત્સાહપુર્ણ ઉજવણી દરમિયાન શાળાના સહુ શિક્ષકભાઈ બહેનોએ સારી એવી જહેમત ઉઠાવી હતી.

### સ્વ. બિપિનભાઈ એમ. જોષીનાં સ્મરણાર્થે

## અમરેલી ખાતે સમર્થ વ્યાયામ મંદિર દ્વારા વોલીબોલ ટુર્નામેન્ટનુ આયોજન

### આગામી ૨૭ ડિસેમ્બરને શનિવારે ટુર્નામેન્ટ યોજાશે




અમરેલી, તા. ૨૪

અમરેલી શહેરમાં રમત પ્રેમીઓ માટે એક ભવ્ય અને રોમાંચક ખેલોત્સવ યોજાવા જઈ રહ્યો છે. સમર્થ વ્યાયામ મંદિર – અમરેલી દ્વારા સ્વ. બિપીનભાઈ એમ. જોષીના સ્મરણાર્થે ઓપન ગુજરાત વોલીબોલ (શૂટિંગ) ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટ શનિવાર, તા.૨૭/૧૨/૨૦૨૫ના રોજ સાંજે ૦૭:૦૦ કલાકે યોજાશે. આ ઓપન ગુજરાત વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન અમરેલીના વિકાસ પુરૂષ પી.પી. સોજીત્રાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી રહ્યું છે. ટુર્નામેન્ટ સમર્થ વ્યાયામ મંદિર, અખાડા ગ્રાઉન્ડ, સેન્ટર પોઈન્ટ, અમરેલી ખાતે યોજાશે. સ્પર્ધામાં આમંત્રિત ટીમો ભાગ લેશે અને દર્શકો માટે રોમાંચક મુકાબલાઓ જોવા મળશે.

આ ખેલોત્સવને સફળ બનાવવા માટે જે.પી. સોજીત્રા, ધ્રુવ બી. જોષી, ધર્મેન્દ્ર ગીરી ગોસ્વામી, દેવલભાઈ જાની, આરીફભાઈ શેખ, ઈરભાઈ, સુરેશભાઈ ત્રિવેદી, કિરણભાઈ નાંશ, હિંમતભાઈ સરખેદી સાથે સાથે દીલાભાઈ વાળા, મનોજભાઈ કાનાણી, કિરીટ બાપુ દેવમોરારી, કિરીટભાઈ ભાડ, બાદમભાઈ રહીશ, ભરતભાઈ દાવડા અને વીડી સરવૈયા સહિતના આયોજકો સતત જહેમત ઉઠાવી રહ્યા છે.

આ ઓપન ગુજરાત વોલીબોલ ટુર્નામેન્ટને એવરેસ્ટ વોલ્ટાસ અને તુલસી એન્ટરપ્રાઈઝ બરા પ્રાયોજિત કરવામાં આવી છે. સ્વ. બિપીનભાઈએમ. જોષીના સ્મરણાર્થે યોજાઈ રહેલી આ સ્પર્ધામા અમરેલી સહિત આસપાસના વિસ્તારોના રમતપ્રેમીઓને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ રમતોત્સવને સફળ બનાવવા અપીલ કરવામાં આવી છે.

## અમરેલી : કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ખાતે રાષ્ટ્રીય ખેડૂત દિવસ ઉજવાયો







અમરેલી, તા. ૨૪

દર વર્ષે ૨૩ ડિસેમ્બરના રોજ ભારતના પાંચમાં પ્રધાનમંત્રી ચૌધરી ચરણસિંહની જન્મજયંતીની યાદમાં સમગ્ર દેશમાં રાષ્ટ્રીય ખેડૂત દિવસ ઉજવવામાં આવે છે. દેશની પ્રગતિમાં ખેડૂતોની મુખ્ય ભૂમિકા છે, તેથી ખેડૂતોને સન્માન મળવું જોઈએ. વિકસિત ભારત – જી રામ જી બીલ ૨૦૨૫ અંગે ખેડૂત સમુદાયમાં જાગૃતિ ફેલાવવાના હેતુથી કેવીકેના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. મિનાક્ષી કે. બારીયાનાં માર્ગદર્શન હેઠળ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, અમરેલી ખાતે તા. ૨૩ ડીસેમ્બર ૨૦૨૫નાં રોજ સવારે ૧૦:૦૦ કલાકેથી ખેડૂત સન્માન દિવસનું આયોજન કરવામાં આવ્યું. કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણનાં સંબોધનનમાં જીવંત પ્રસારણ થકી ગ્રામીણ વિસ્તારમાં ૧૨૫ દિવસ રોજગારીની ગેરંટી મળશે તેમજ જી રામ જી બીલ ૨૦૨૫ વિશે વાત કરી. આ યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારમાં રહેતા દરેક કુટુંબને દર વર્ષે ૧૨૫ દિવસ સુધી રોજગારી પૂરી પાડવાનાં ઉદ્દેશથી કેન્દ્ર સરકાર દ્વારા વર્તમાનમાં પૌરાણિક મનરેગાને બદલે નવી યોજના જી રામ જી બીલ ૨૦૨૫ નામથી પ્રચલિત છે. આ યોજના થકી ગ્રામ પંચાયત અને ગ્રામ સભાદ્વારા ગ્રામીણ વિકાસના કાર્યો થશે. આ પ્રોગ્રામમાં કેવીકેના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. મિનાક્ષી કે. બારીયા, તલ સંશોધન કેન્દ્ર, અમરેલીના વડા ડો. વી. એન. ગોહીલ, પ્રાકૃતિક કોલેજ, અમરેલીના આચાર્ય ડો. એસ.પી. દેશમુખ, આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર એમ. ઝેડ. ઝીડ, કેવીકેના વૈજ્ઞાનિક ડો. નેહા તિવારી, ડો.`તા પટેલ અને ૧૦૨ ખેડૂત ભાઈઓ તથા ૩૪ બહેનો ઉપસ્થિત રહ્યા. પ્રાકૃતિક ખેતીનું મહત્વ તથા તેના આયામો વિશે પણ ખેડૂતોને માહિતગાર કર્યા.

### લીલીયાનાં નાના એવા ઘોબા આરોગ્ય મંદિરનાં તબીબની સિધ્ધિ

## અરે વાહ : ડોક્ટરે વિકસાવેલી મોબાઈલ એપ્લીકેશનથી સુગર અને બીપીનાં દર્દીઓને મળતો મોટો ફાયદો

### દર્દીની નિયમિતતા, દવાપાલન અને ઓપીડી વિગતોની દેખરેખ

અમરેલી, તા. ૨૪

લીલીયા તાલુકાના છેવાડાના ઘોબા ગામમાં આવેલ આયુષ્માન આરોગ્ય મંદિર આજે ગ્રામ્ય સ્વાસ્થ સેવાઓમાં ઈનોવેશન, ટેક્નોલોજી અને માનવીય અભિગમનું ઉત્તમ ઉદાહરણ બની રહ્યું છે. આશરે ૩,૫૦૦ની વસ્તી ધરાવતા આ ગામમાં કાર્યરત તબીબ ડો. સચિન ઉદેશ દ્વારા સ્વાસ્થ સેવાઓને વધુ સુલભ, અસરકારક અને સર્વસમાવેશી બનાવવા માટે અનેક નવતર પહેલો હાથ ધરવામાં આવી છે.

ડો. સચિન ઉદેશ દ્વારા વિકસાવવામાં આવેલી ''એન.સી.ડી ફોલોઅપ'' મોબાઈલ એપ્લિકેશન બી.પી., ડાયાબિટીસ, કેન્સર સહિતના નોન-કમ્યુનિકેબલ ડિસીઝ ધરાવતા દર્દીઓ માટે નિયમિત દવા અને ફોલોઅપ સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ છે. આ એપ્લિકેશન દર્દીના મોબાઈલ પર દવા પૂર્ણ થવાની તારીખે ડોક્ટરને બતાવવા જવાની સૂચના આપે છે તેમજ એસ.એમ.એસ અને ફોન કોલ દ્વારા નિયમિત દવા લેવાની યાદ અપાવે છે.

ડોક્ટર માટે ઉપલબ્ધ ડેશબોર્ડમાં ગ્રીન, યેલ્લો અને રેડકલરના માર્કર દ્વારા દર્દીના ફોલોઅપની સ્થિતિ સ્પષ્ટ રીતે જાણી શકાય છે. ગ્રીન કલર નિયમિત ફોલોઅપ દર્શાવે છે, યેલ્લો એક મુલાકાત ચૂકી ગયેલા દર્દી દર્શાવે છે, જયારે રેડ કલર બે કે તેથી વધુ ફોલોઅપ ચૂકી ગયેલા દર્દીઓની માહિતી આપે છે. આથી જોખમગ્રસ્ત દર્દીઓને સમયસર સારવાર સાથે જોડવાનું કાર્ય સરળ બન્યું છે. આ ઈનોવેશનથી ગ્રામ્ય વિસ્તારમાં દવા ન લેવાના કારણે થતી જટિલતાઓમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. આ અંગે આયુષ્માન આરોગ્ય મંદિરના તબીબ ડા. સચિન ઉદેશે જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારમાં દર્દીઓ ઘણી વખત ફોલોઅપ કાર્ડ કે દવાની તારીખ યાદ રાખી શકતા નથી. એન.સી.ડીના દર્દીઓ માટે નિયમિત દવાપાલન અત્યંત જરૂરી છે. હાલ આ એપ્લિકેશનનો લાભ ગામના ૨૧૭ દર્દીઓ લઈ રહ્યા છે. જે દર્દીઓ સ્વયં આવી શકતા નથી, તેમને ઘરેથી જ દવા પહોંચાડવાની વ્યવસ્થા પણ કરવામાં આવે છે.

**ડિજિટલ સ્વાસ્થ સેવાઓ : આભા અને આયુષ્માન કાર્ડ સરળતાથી ઉપલબ્ધ** આ તબીબની પહેલથી દવાખાનામાં અન્ય સ્વાસ્થ સેવાઓ પણ ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ બની છે. આભા કાર્ડ અને આયુષ્માન કાર્ડ માટે અરજી કરવા માટે ખાસ ક્યૂ.આર. કોડ તૈયાર કરી આયુષ્માન આરોગ્ય મંદિરના પરિસરમાં મૂકવામાં આવ્યા છે. ગામના કોઈપણ શિક્ષિત વ્યકિતની સહાયથી નાગરિકો સરળતાથી આ કાર્ડ માટે અરજી કરી શકે છે, જેના કારણે સરકારી સ્વાસ્થ યોજનાઓનો લાભ મેળવવાની પ્રક્રિયા વધુ સરળ બની છે.

આ અંગે ગામના રહેવાસી લાલજીભાઈ શેલડીયાએ જણાવ્યું હતું કે, તેઓ ડાયાબિટીસ અને બ્લડપ્રેશરના દર્દી છે અને આયુષ્માન આરોગ્ય મંદિરમાંથી નિયમિત દવા મેળવે છે. દર મહિને મેસેજ અને ફોન દ્વારા દવા લેવા અંગે સૂચના મળતી હોવાથી તેઓ નિયમિત દવાપાલન કરી શકે છે.

**સુરક્ષા પ્રોજેક્ટ : મહિલા સ્વાસ્થ અને ગોપનીયતાને પ્રાધાન્ય** ગ્રામ્ય વિસ્તારની કિશોરીઓ અને બહેનોના મેનસ્ટ્રુઅલ હાઈજીન માટે ડો. સચિન ઉદેશ દ્વારા સુરક્ષા પ્રોજેક્ટ અંતર્ગત સેનેટરી પેડ વેન્ડિંગ મશીન સ્થાપિત કરવામાં આવ્યું છે. દવાખાનામાં ઉપલબ્ધ પ્લાસ્ટિકના કોઈન દ્વારા કિશોરીઓ નિશુલ્ક સેનેટરી પેડ મેળવી શકે છે. જે કિશોરીઓને સામાજિક સંકોચ હોય તેવા કિસ્સામાં ક્યૂ.આર. કોડ મારફતે ફોર્મ ભરી માસિકની નિયમિતતા, આવતી સમસ્યાઓ તથા આવશ્યક સેનેટરી પેડની સંખ્યા અંગે માહિતી લેવામાં આવે છે. આ માહિતીના આધારે આયુષ્માન આરોગ્ય મંદિરનો મહિલા સ્ટાફ કિશોરીઓના ઘરે જઈ યોગ્ય માર્ગદર્શન આપે છે તેમજ જરૂરી સેનેટરી પેડ પણ પહોંચાડે છે.

**ગ્રામજનોમાં સંતોષ અને વિશ્વાસ** આ પહેલોથી ગ્રામજનોમાં વિશેષ સંતોષ જોવા મળી રહ્યો છે. ગામના રહેવાસી તથા પૂર્વ ઉપસરપંચ દિલુભાઈ ખુમાણે જણાવ્યું હતું કે, ઘોબા આયુષ્માન આરોગ્ય મંદિર રાજયમાં આ સ્તરે કાર્ય કરતું એક અગ્રણી ડિજિટલ આયુષ્માન મંદિર છે. અહીં તમામ સુવિધાઓ ડિજિટલ રીતે ઉપલબ્ધ છે. તબીબની સતર્કતાના કારણે મોટા પ્રમાણમાં નોર્મલ પ્રસુતિઓ પણ સફળતાપૂર્વક થાય છે. ઉપરાંત દર મહિને મેગા આરોગ્ય કેમ્પનું આયોજન પણ કરવામાં આવે છે.

**રાજય માટે અનુસરણયોગ્ય મોડેલ** ડો. સચિન ઉદેશના પ્રો-એક્ટિવ અભિગમથી ગ્રામ્ય સ્વાસ્થ સેવાઓમાં ગુણાત્મક પરિવર્તન આવ્યું છે. આ ઈનોવેશન મોડેલને રાજય સ્તરે અમલમાં લાવવા માટે ગાંધીનગર ખાતે ઉચ્ચ કક્ષાએ પ્રેઝન્ટેશન પણ આપવામાં આવ્યું છે. ટેક્નોલોજી, સંવેદનશીલતા અને લોકસહભાગિતાનો સુમેળ સાધતી આ પહેલ રાજયના અન્ય ગ્રામ્ય વિસ્તારો માટે 'બેસ્ટ પ્રેક્ટિસ મોડેલ' તરીકે પ્રેરણારૂપ સાબિત થઈ રહી છે.

## રાજુલા : સૌરભ સાહિત્યનાં સ્થાપક કવિ શશિભાઈ રાજયગુરૂને એવોર્ડ એનાયત

રાજુલા, તા. ૨૪

અમરેલી જીલ્લાના સુપ્રસિધ્ધ લોક સાહિત્યકાર સ્વ. બાલકૃષ્ણ દવેની સ્મૃતિમાં લોક સાહિત્યના પ્રચાર અને પ્રસાર માટે નો શ્રેષ્ઠ એવોર્ડ 'બાલકૃષ્ણ દવે એવોર્ડ શશીભાઈ ને રૂપિયા ૧૧૦૦૦ નિધિ રૂપે અને શિલ્ડ અર્પણ કરી ભવ્ય બહુમાન કરેલ.દિપ પ્રાગટ્ય, ડો. રતિદાદા, ભક્તિરામ બાપુ, મહેન્દ્રભાઈ જોષી વગેરે ના હસ્તે દ્વારા થયુ હતુ. કાર્યક્રમની શરૂઆતમા કૌશિકભાઈ દવે અને બીનાબેન શુક્લ દ્વારા ભજનો રજુ થયા હતા દિકરી નાવ્યા ડાભી દ્વારા ચારણ કન્યા કવિતા રજુ થઈ હતી. ત્યારબાદ સૌરભ સાહિત્ય સંસ્થાન રાજુલાના સ્થાપક શશિભાઈ રાજયગુરૂ કવિ 'હેમાળવી' ને એવોર્ડ એનાયત થયો હતો. સાથે અગીયાર હજારની ધન રાશિ, ફૂલહાર શાલ દ્વારા સન્માન થયુ હતુ. આશિર્વચન આપતા ગાયત્રી સંસ્કાર ધામ ચલાલાના પ.પુ. રતીદાદા એ શશિભાઈને અભિનંદન અને આશિર્વાદ આપ્યા હતા ને સુદ્રઢ સમાજ નવરચનમાં સાહિત્ય અને સાહિત્યકારોનુ મહત્વ સમજાવ્યુ હતુ. ને એવોર્ડની ધન રાશિ વધારવાની જાહેરાત કરી ને વધારાની દસ હજારની ધન રાશિ અર્પણ કરી હતી. ભક્તિરામ બાપુ- માનવ મંદિર સાવરકુંડલા એ શશિભાઈને શુભેચ્છાને આશિર્વાદ પાઠવ્યા જણાવ્યું હતું કે લોકસાહિત્ય એ સંસ્કૃતિનો પ્રાણ છે અને માનવ મંદિર સાવરકુંડલા હમેશા સાહિત્યકારોને અને સાહિત્યને પ્રોત્સાહિત કર્યુ હતુ રહ્યું છે એમ જણાવેલ શાસ્ત્રી રજનીકાંત ભાઈ ભટ્ટ દ્વારા આગામી એવોર્ડમાં પોતાનુ યોગદાન અગીયાર હજાર ની ધન રાશિ આપવાની જાહેરાત કરી હતી. અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયાએ ઉપસ્થિત કવિ લેખકો ને બીરદાવ્યા હતા. મનુભાઈ ચૌહાણ વિરનગર દ્વારા બાલકૃષ્ણભાઈની જીવન ઝરમર વર્ણવી હતી.

# અમરેલી : જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ દ્વારા વિકાસકાર્યોની સ્થળ મુલાકાત, ગુણવત્તા અને ગતિ પર ભાર






જિલ્લામાં ચાલી રહેલા વિવિધ વિકાસ કાર્યોની પ્રગતિની સમીક્ષા માટે વિકલ્પ ભારદ્વાજની સહ-ઉપસ્થિતિમાં સ્પોર્ટ્સ સંકુલ, સર્કિટ હાઉસ તથા અમૃત સરોવર ખાતે સ્થળ પર જઈને વિસ્તૃત મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન શહેરી વિકાસને વધુ ગતિ આપવા, જળ સંગ્રહ ક્ષમતા વધારવા તેમજ પર્યાવરણ સંવર્ધનને મજબૂત બનાવવા માટે હાથ ધરાયેલા કામોની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી. કલેક્ટરએ સ્પોર્ટ્સ સંકુલમાં ચાલી રહેલા નિર્માણ અને આધુનિક સુવિધાઓ અંગે માહિતી મેળવી અને ખેલાડીઓને લાંબા ગાળે લાભ મળે તે દિશામાં કામ ઝડપથી પૂર્ણ કરવા સૂચનાઓ આપી. સર્કિટ હાઉસ ખાતેના રીનોવેશન તથા સુવિધા વિકાસના કાર્યોમાં ગુણવત્તા જાળવવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો. અમૃત સરોવર પ્રોજેક્ટ અંતર્ગત જળ સંગ્રહ, પર્યાવરણ સંરક્ષણ અને સૌંદર્યીકરણ સંબંધિત કામગીરીનું અવલોકન કરીને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું. કલેક્ટરએ દરેક કાર્યમાં ગુણવત્તા, ગતિ અને પારદર્શિતાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની સ્પષ્ટ સૂચના આપી હતી. સાથે જ, શહેરીજનોને દીર્ઘકાલીન લાભ મળે તે હેતુથી તમામ વિભાગો વચ્ચે સંકલન સાથે સમયમર્યાદામાં કામ પૂર્ણ કરવા માટે અધિકારીઓને દિશાનિર્દેશ આપવામાં આવ્યા.

# બાબાપુર ખાતે સર્વોદય સંસ્થામાં જીવન સંગીત બાલ શિબિર સમાપન સમારોહ યોજાયો



તસ્વીર : હસમુખ રાવળ–બાબાપુર

બાબાપુરમાં સર્વોદય સરસ્વતી મંદિર ખાતે તારીખ ૧૮ થી ૨૨ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ પાંચ દિવસીય શિબિર યોજાઈ, શિબિરના છેલ્લા દિવસે મુખ્ય મહેમાન તરીકે ડો. વસંતભાઈ પરીખ, જિલ્લા શિક્ષણ અધિકારી ગોહિલ, એજયુકેશન ઈન્સ્પેક્ટર બોરસણીયા તથા ડો. કાલિન્દીબેન પરીખ હાજર રહ્યા. અતિથિ વિશેષ તરીકે માનસીબેન તથા રક્ષાબેન હાજર રહ્યા. શિબિરમાં વિદ્યાર્થીઓએ શિબિર દરમિયાન થયેલા પોતાના અભિપ્રાયો રજૂ કર્યા, જેમણે આ શિબિરમાંથી જીવન ઘડતર માટે ઘણું બધું શીખવા મળ્યાનું સુર વ્યકત કર્યો, શિબિરની સફળતા માટે સંસ્થા સંચાલિત ૧૬ શાળાઓ તથા અન્ય શાળાઓ અને અધ્યાપન મંદિર મળી કુલ ૩૯૫ જેટલા વિદ્યાર્થીઓ તથા ૧૫૦ જેટલા શિક્ષકોએ શિબિરમાં ભાગ લીધો, સરસ રીતે જૂથ સંચાલન કરવામાં આવ્યું, અધ્યાપન સ્ટાફ તથા અધ્યાપનના ૧૨૦ જેટલા બહેનોએ વિદ્યાર્થીઓ સાથે રહી અસરકારક જૂથ સંચાલનમાં મદદરૂપ થયા, શિબિરમાં રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમો, તેમજ સાંજના સેશનમાં રમતગમત યોજવામાં આવ્યા, પ્રાતઃ સમયમાં યોગ, પ્રાણાયામ કરાવવામાં આવ્યા, સમગ્ર શિબિર દરમિયાન જુદા જુદા સેશનમાં જુદા જુદા વકઓનું વકતવ્ય તેમજ જૂથ કાર્ય કરવામાં આવ્યું, શિબિરમાં પોસ્ટ બેઝિક હાઈસ્કૂલ બાબાપુરના વિદ્યાર્થીઓએ તથા સમગ્ર સ્ટાફે શિબિર વ્યવસ્થામાં ખૂબ જ મદદરૂપ થયા, કુમાર છાત્રાલય તથા કન્યા છાત્રાલયના ભાઈઓ બહેનો, રસોડા વિભાગમાં પીરસણ, સફાઈ, પાણી વ્યવસ્થામાં મહત્વનો ફાળો આપ્યો, રસોડા વિભાગમાં ભાલીયાભાઈ, વાઘજીભાઈ, રમેશભાઈની ટીમ તથા રસોયા બેનો દ્વારા, ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓએ સતત મહેનત કરી સ્વાદિષ્ટ રસોઈ બનાવી, ભોજન વ્યવસ્થામાં સંસ્થાના કાર્યકરો અતુલભાઈ, દિલીપભાઈ, કનુભાઈ સાવલિયા ગૃહ માતાઓ દ્વારા સુંદર વ્યવસ્થા કરી. શિબિરનું સમગ્ર સંચાલન મુકેશભાઈ રાજયગુરૂ દ્વારા કરવામાં આવ્યું સતત સહકાર અને મદદરૂપ બન્યા એવા સંસ્થાના મોભી કાર્યકરો જયંતીભાઈ જોશી, મુકુંદભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ શિબિરના વિષયો નક્કી કરી જૂથ કાર્ય જેવું અઘરૂ કાર્ય સરળ બનાવ્યું, વકતાઓ મહેમાનોને સ્વાગત સાચવવામાં નીતિનભાઈ બોરણીયા તેમજ મુન્નાભાઈ જમોડની મહત્વની ભૂમિકા રહી. આમ સમગ્ર શિબિરમાં સફળ બનાવવામાં સમગ્ર સર્વોદય સરસ્વતી મંદિર સંસ્થા પરિવારના સૌ કાર્યકરો, શિક્ષકો, વિદ્યાર્થીઓ, ગૃહમાતાઓ, બાલઘરના ભૂલકાઓ, અતિથિ વિશેષ અમેરિકાથી પધારેલા માનસી બેન તથા રક્ષાબેનની હાજરીથી વિદ્યાર્થીઓમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો શિબિર ખૂબ જ અસરકારક રહી સંસ્થાના જુના નવા કાર્યકરો એક સાથે રહી સફળ બનાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો, આમ અમારી જીવન સંગીત શિબિર ખૂબ જ સફળ રહી, નિવૃત્ત શિક્ષક હરગોવિંદભાઈ પંડ્યા દ્વારા 'જીવન સંગીત ગ્રુપ'નું સમગ્ર શિબિર દરમિયાન સરસ સંચાલન કર્યુ. સમાપન સમારોહમાં સંસ્થાના મંત્રી મોહનભાઈ વાળા દ્વારા આભાર વિધિ કરવામાં આવી.

### ભાગવતાચાર્ય જિજ્ઞાશાબેનનાં સાંનિધ્યમાં

# બાબરાનાં નીલવડા ખાતે આજે સંતવાણી અને લોકડાયરો યોજાશે

### લલિતા ઘોડાદ્રા, ધવલ બારોટ સહિતના કલાકારો રમઝટ બોલાવશે

બાબરા, તા. ૨૪

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના નિલવડા ગામે આવેલ સુપ્રસિદ્ધ પીંગળાઝાળા ખોડિયાર માતાજીના મંદિરે આગામી તા. ૨૫ ડિસેમ્બર, ૨૦૨૫ ને ગુરૂવારના રોજ રાત્રે ૯:૦૦ કલાકે એક ભવ્ય સંતવાણી અને લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રસિદ્ધ ભાગવતાચાર્ય જીજ્ઞાબેન ગોંડલીયાની પાવન યોજાનારા આ કાર્યક્રમમાં જાણીતા લોકગાયિકા લલિતાબેન ઘોડાદ્રા અને અલ્પા પરમાર પોતાની સુરાવલીઓ પીરસશે.

આ સાથે જ લોક સાહિત્યકાર બટુક ઠાકોર, ધવલ બારોટ અને રૂષિ પ્રજાપતિ પણ લોક સાહિત્ય અને વાતોની જમાવટ કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરશે.આ કાર્યક્રમમાં સંગીત સાથ નિકુંજ ઉસ્તાદ એન્ડ ગ્રુપ (બાબરા) દ્વારા આપવામાં આવશે અને સાઉન્ડની વ્યવસ્થા જય બજરંગ સાઉન્ડ (બોટાદ) સંભાળશે. આ ભવ્ય લોકડાયરામાં બાબરા અને અમરેલી સહિત સમગ્ર પંથકમાંથી હજારોની સંખ્યામાં ભાવિકો અને લોકસાહિત્ય પ્રેમીઓ ઉમટી પડવા જાહેર નિમંત્રણ પાઠવ્યું છે.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

# અમરેલી જિલ્લાના બાગાયતદારો માટે મહત્વપૂર્ણ જાહેરાત

અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લાના બાગાયતદાર ખેડૂતો માટે નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન રાજય સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલી વિવિધ પ્રોત્સાહક યોજનાઓ અંતર્ગત મલ્ચીંગ, આંબા તથા જામફળ પાકની ઉત્પાદકતા વધારવાનો કાર્યક્રમ, ફળ પાકોના વાવેતર માટે પ્લાન્ટિંગ મટિરિયલમાં સહાય, સરગવાની ખેતીમાં સહાય તેમજ કાચા મંડપ, અર્ધપાકા મંડપ અને પાકા મંડપ માટે સહાય, શાકભાજી પાકોમાં હાઈબ્રીડ બિયારણ, વોટર સોલ્યુબલ ખાતર વગેરે જેવા વિવિધ ઘટકો માટે પૂર્વમંજુરી આપવામાં આવી છે.આથી, જે ખેડૂતોને ઉપરોક યોજનાઓ અંતર્ગત પૂર્વમંજુરી પ્રાપ્ત થઈ હોય, તેમણે મોડામાં મોડા તા. ૨૦/૧/૨૦૨૬ સુધીમાં સંબંધિત ખરીદી કે વાવેતર કામગીરી પૂર્ણ કરીને તેના બિલો તથા જરૂરી સાધનિક/આધાર દસ્તાવેજો સરકારના i-Khedut પોર્ટલ (http:// ikhedut. gujarat.gov.in.) ના માધ્યમથી સમય મર્યાદામાં આનલાઈન અપલોડ કરવા ફરજિયાત રહેશે.આ સાથે અપલોડ કરેલ દસ્તાવેજોની હાર્ડ કોપી " નાયબ બાગાયત નિયામકની કચેરી", સરદાર ચોક, ચક્કરગઢ રોડ, અમરેલી ખાતે નિર્ધારિત સમય મર્યાદામાં બિનચૂક જમા કરાવવાની રહેશે. નક્કી કરેલી સમયમર્યાદા બાદ રજૂ કરવામાં આવેલી કોઈપણ અરજીઓ અથવા કલેઈમ સ્વીકારવામાં આવશે નહીં. જેની તમામ સંબંધિત બાગાયતદાર ખેડૂત મિત્રોએ નોંધ લેવા નાયબ બાગાયત નિયામક અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

પાના ૮ ઉપરનું ચાલું **ડોર ટુ ડોર કચરા કલેકશન શરૂ**

ધરવામાં આવ્યુ છે.

ગ્રામ્ય કક્ષાએ PURA (Provision of Amenities Rural Areas) મોડેલને કેન્દ્રમાં રાખી સુવ્યવસ્થિત રીતે ડોર–ટુ–ડોર કચરાનું કલેકશન કરવામાં આવી રહ્યું છે.

અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે, નિર્મળ ગુજરાત ૨.૦ અભિયાન માત્ર ઘન કચરાનું ડોર–ટુ–ડોર વૈજ્ઞાનિક ઢબે કલેકશન અને વ્યવસ્થાપન સુધી જ મર્યાદિત નથી ! પરંતુ અમરેલીમાં તેનું મિશન મંગલમ યોજના સાથે પણ જોડાણ છે. મિશન મંગલમની બહેનોએ કચરાના ઢગલામાં રોજગાર અને આર્થિક ઉન્નતિને શોધી છે !

જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયાએ જણાવ્યું કે, હાલમાં જિલ્લામાં કુલ ૦૮ નગરપાલિકાના શહેરી હદ વિસ્તારથી ૧૦ કિ.મી. ત્રિજયામાં સમાવિષ્ટ ગામડાઓમાં રહેણાંક તથા બિન–રહેણાંક મિલ્કતોમાંથી દરરોજ નિયમિત રીતે ઘન કચરાનું કલેકશન કરવામાં આવે છે. આ નવતર અભિગમ થકી ગામડાઓ સ્વચ્છ બનશે. વધુમાં ઉમેર્યુ કે, પ્લાસ્ટિક વેસ્ટ સહિતનો કચરો એકત્ર કરી, તેના વેચાણ દ્વારા ૩૫ મહિલા સ્વસહાય જૂથ માસિક રૂા. ૪ હજાર (પ્રતિ સેલ્ફ હેલ્પ ગૃપ) સુધીની આવક મેળવે છે. મહત્વનું છે કે, નારી શકિતનો આ નવો રાહ તેમને આત્મનિર્ભર બનાવી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે, પૂર્વ રાષ્ટ્રપતિ ડો. એ.પી.જે. અબ્દુલ કલામ દ્વારા વર્ષ ૨૦૦૩માં PURA (Provision of Urban Amrenities in Rural Areas) મોડેલનો વિચાર વહેતો મુકવામાં આવ્યો હતો. આ મોડેલનો મુખ્ય હેતુ ગ્રામીણ વિસ્તારોમાં પણ શહેર જેવી જ સુવિધાઓ પૂરી પાડીને ગ્રામીણ અર્થતંત્ર અને જીવનધોરણને સશકત બનાવવાનો છે. અમરેલી જિલ્લામાં ગ્રામ્યકક્ષાએ સુવ્યવસ્થિત રીતે કચરાના કલેકશનની વ્યવસ્થા થકી ' સશકત ગ્રામીણ વિકાસ'ના સ્વપ્નને નવી ઉડાન મળશે.

નિર્મળ ગુજરાત ૨.૦ અંતર્ગત જિલ્લાના કુંકાવાવ તાલુકાના વડીયા અને કુંકાવાવ મોટી ગ્રામ પંચાયત ખાતે અંદાજે રૂા. ૨૫–૨૫ લાખના ખર્ચે અથવા આ રકમની મર્યાદામાં ' સામૂહિક સ્માર્ટ શૌચાલય'નું નિર્માણ કરવામાં આવશે. જેને સૈધ્ધાંતિક મંજૂરી પણ આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, પૂર્વ વડાપ્રધાન અટલજી કહેતાં કે, 'ભારત એ જમીનનો ટુકડો નથી, પણ એક જીવંત રાષ્ટ્ર પુરૂષ છે.' તેમના માટે વિકસિત ભારતનો અર્થ હતો કે, જયાં ગામડાનો સામાન્ય નાગરિક પણ સ્વચ્છ વાતાવરણ, પાકા રસ્તા અને આધુનિક સુવિધાઓનો લાભ મેળવી શકે છે. આવો, સૌ સ્વચ્છાગ્રહી બનીને સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારતના નિર્માણ માટે સંકલ્પબદ્ધ બની દેશના એક જવાબદાર નાગરિક તરીકે આપણું સહિયારૂં યોગદાન આપીએ.


સંકુલ ધો. ૧૧–૧૨ કોમર્સ
અલગ ગર્લ્સ કોમર્સ સ્કૂલ
અલગ મિશ્ર કોમર્સ સ્કૂલ
અલગ EM કોમર્સ સ્કૂલ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી
ફોન ✓ (૦૨૭૯૨) ૨૩૨૩૨૧ થી ૨૬ -Ad 160


### ખેડૂતોને વાડીમાં જવામાં થતી મુશ્કેલી દૂર થશે

# વડિયાનાં સુરવો ડેમ નીચે આવેલ બે ચેકડેમનાં બંધારાનું નવિનીકરણ કરાશે

### અગ્રણી વિપુલ રાંક અને તુષાર ગણાત્રાની રજૂઆત સફળ

વડિયા, તા. ૨૪

અમરેલી જિલ્લા પંચાયત શાસક પક્ષના નેતા વિપુલભાઈ રાંક દ્વારા રાજય સરકારના મંત્રી કૌશિકભાઈ વેકરીયાને રૂબરૂમાં રજુઆત કરી હતી. નર્મદા જળસંપત્તિ પાણીપુરવઠા અને કલ્પચર વિભાગ દ્વારા દોઢ કરોડ જેટલી માતબર રકમ મંજૂર કરવામાં આવી છે.

વડિયા સ્મશાન પાસે આવેલા ચારણીયા રોડ પર આવેલા બંધારા ચેકડેમ પર રીનોવેસન માટે ૮૪ લાખ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. જયારે વડિયાના ઢુંઢીયા પીપળીયા રોડ પર આવેલા ચુનાની ભઠ્ઠી પાસેના બંધારા ચેકડેમ પર રીનોવેસન માટે ૬૪ લાખ રૂપિયા મંજૂર કરવામાં આવી રહ્યાં છે. વડિયા નીચાણવાળા વિસ્તારોમાં ચોમાસામાં વરસાદનું પાણી ભરાઈ જતાં ખેડૂતોને પાણીમાં પલળીને જવું પડતું હતું અને ખુબ જ મુશ્કેલનો સામનો કરવો પડી રહ્યો હતો. ત્યારે વડિયા વિસ્તારના ખેડૂતોએ જીલ્લા પંચાયત શાસક પક્ષના નેતા વિપુલભાઈ રાંકને રજુઆત કરી હતી. વિપુલભાઈ રાંકે તાત્કાલિક આ અંગે ગુજરાત સરકારના કાયદા અને ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયાને રૂબરૂમાં મળીને રજૂઆત કરેલ હતી. ત્યારે વડિયા–અમરેલીના ધારાસભ્ય અને ગુજરાત સરકારના કાયદા અને ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પચર વિભાગને જણાવ્યું હતું કે આ બંધારા ચેકડેમ માટે રીનોવેસન માટે મંજૂરી વહેલી તકે આપવામાં આવે. ત્યારે રાજય સરકારના નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પચર વિભાગ દ્વારા દોઢ કરોડ રૂપિયા જેવી માતબર રકમ મંજૂર કરવામાં આવી છે. આ રકમ મંજૂર થતાં વડિયા–કુંકાવાવ તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર, તુષારભાઈ ગણાત્રા, ચેતનભાઈ દાફડા, વિક્રમભાઈ સોજીત્રા, મુન્નાભાઈ ડોબરીયા, મુન્નાભાઈ વરણીયા સહિતના વિસ્તારના ખેડૂતોએ ગુજરાત સરકારના કાયદા અને ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયાનો આભાર માન્યો હતો.






ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડ્યા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડ્યા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૪૨ | ૧૫૩૮ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૮૦૦ | ૮૦૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૩૦ | ૧૩૧૦ |
| ૨ | ગીરનાર શીંગ | ૯૭૦ | ૧૩૫૬ |
| ૩ | શિંગ મોટી | ૧૦૦૨ | ૧૩૬૨ |
| ૪ | શિંગદાણા | ૧૦૩૫ | ૧૪૪૦ |
| ૫ | શિંગદાણા ફાડા | ૧૨૪૦ | ૧૪૧૫ |
| ૬ | તલ સફેદ | ૧૩૫૦ | ૨૨૦૦ |
| ૭ | તલ કાળા | ૩૧૬૦ | ૪૬૩૧ |
| ૮ | તલ કાશ્મીરી | ૨૩૮૬ | ૨૪૦૯ |
| ૯ | બાજરો | ૬૮૫ | ૬૮૫ |
| ૧૦ | જુવાર | ૪૫૦ | ૮૦૦ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૪૪૨ | ૫૬૦ |
| ૧૨ | ઘઉં લોકવન | ૫૧૬ | ૫૩૦ |
| ૧૩ | અડદ | ૧૦૭૦ | ૧૨૧૫ |
| ૧૪ | ચણા | ૭૫૦ | ૧૦૫૨ |
| ૧૫ | સફેદ ચણા | ૮૨૦ | ૧૦૨૧ |
| ૧૬ | તુવેર | ૧૦૫૯ | ૧૧૬૧ |
| ૧૭ | કપાસ | ૮૫૦ | ૧૫૭૦ |
| ૧૮ | એરંડા | ૧૦૩૦ | ૧૨૯૬ |
| ૧૯ | જીરૂ | ૩૬૦૦ | ૩૮૦૦ |
| ૨૦ | ધાણા | ૧૪૮૦ | ૧૮૬૦ |
| ૨૧ | અજમા | ૨૦૪૦ | ૨૦૪૦ |
| ૨૨ | મેથી | ૮૧૦ | ૧૦૬૫ |
| ૨૩ | સોયાબીન | ૭૦૦ | ૮૯૫ |
| ૨૪ | રજકાનું બી | ૯૦૦૦ | ૯૯૦૦ |
| ૨૫ | મરચા લાંબા | ૮૦૦ | ૩૭૦૦ |
| ૨૬ | કાંગ | ૪૯૮ | ૫૫૫ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૧૦ | ૧૫૩૬ |
| ૨ | મગફળી | ૧૧૨૬ | ૧૩૦૧ |
| ૩ | જુવાર સફેદ | ૯૧૧ | ૯૧૧ |
| ૪ | સોયાબીન | ૭૫૦ | ૮૦૬ |
| ૫ | ઘઉં | ૫૫૦ | ૫૫૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૩૭૧ |
| ૩ | તલ સફેદ | ૧૬૦૦ | ૧૯૯૦ |
| ૪ | જીરૂ | ૩૫૫૦ | ૩૯૫૦ |
| ૫ | કપાસ | ૧૧૫૦ | ૧૫૭૫ |
| ૬ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૩૩ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૫૦ |
| ૮ | બાજરો | ૩૮૬ | – |
| ૯ | જુવાર | ૯૦૦ | ૧૧૬૨ |
| ૧૦ | અડદ | ૮૩૧ | – |
| ૧૧ | ચણા | ૧૦૦૦ | ૧૦૫૦ |
| ૧૨ | તુવેર | ૧૨૧૪ | – |
| ૧૩ | એરંડી | ૧૨૧૫ | ૧૨૬૦ |
| ૧૪ | મેથી | – | ૧૦૧૮ |
| ૧૫ | ધાણા | ૧૨૯૧ | ૧૪૫૧ |
| ૧૬ | સોયાબીન | ૭૮૧ | ૮૮૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૧૦૧ | ૧૫૧૦ |
| ૨ | મગફળી | ૯૫૦ | ૧૩૦૦ |
| ૩ | ઘઉં | ૫૦૭ | ૫૨૧ |
| ૪ | ચણા | ૮૪૦ | ૧૦૪૦ |
| ૫ | તુવેર | ૧૧૬૫ | ૧૧૬૫ |
| ૬ | ધાણા | ૧૬૬૦ | ૧૬૬૦ |
| ૭ | શીંગદાણા | ૯૫૦ | ૧૨૬૫ |
| ૮ | મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૯ | સોયાબીન | ૮૬૧ | ૮૭૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૬૧૫ |
| ૨ | ઘઉં લોકવન | ૩૯૬ | ૫૨૨ |
| ૩ | ઘઉં ટુકડા | ૩૦૦ | ૫૨૭ |
| ૪ | અડદ | ૯૬૦ | ૧૧૨૫ |
| ૫ | ચણા | ૭૦૦ | ૧૦૧૨ |
| ૬ | ધાણા | ૧૩૦૦ | ૧૭૦૦ |
| ૭ | તુવેર | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૮ | સોયાબીન | ૫૦૦ | ૮૭૪ |
| ૯ | મગફળી | ૫૪૦ | ૧૧૩૦ |
| ૧૦ | તલ સફેદ | ૧૧૮૦ | ૨૦૦૦ |
| ૧૧ | શીંગદાણા | ૯૦૦ | ૧૩૬૫ |
| ૧૨ | લસણ | ૧૪૦૦ | ૧૭૦૦ |
| ૧૩ | કલોજી | ૨૫૦૦ | ૨૫૦૦ |
| ૧૪ | મકાઈ | ૪૧૦ | ૪૭૦ |
| ૧૫ | મગ | ૧૧૦૦ | ૧૧૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૮૦ | ૧૬૦૧ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૦૦૦ | ૧૨૬૦ |
| ૩ | મગફળી | ૧૦૩૧ | ૧૩૩૯ |
| ૪ | તલ સફેદ | ૧૬૧૫ | ૧૯૯૫ |
| ૫ | જીરૂ | ૩૨૦૫ | ૩૯૨૫ |
| ૬ | ઘઉં | ૪૬૫ | ૫૩૫ |
| ૭ | ચણા | ૯૭૫ | ૧૦૮૫ |
| ૮ | અડદ | ૯૧૦ | ૧૨૪૦ |
| ૯ | સોયાબીન | ૮૦૫ | ૮૪૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૫૦ | ૧૩૭૦ |
| ૨ | તલ સફેદ | ૧૮૫૧ | ૧૮૫૧ |
| ૩ | તલ કાળા | ૩૩૦૦ | ૩૩૦૦ |
| ૪ | તલ પીળા | ૨૦૦૦ | ૨૧૦૦ |
| ૫ | કપાસ | ૯૦૦ | ૧૫૨૪ |
| ૬ | બાજરો | ૩૭૬ | ૫૦૮ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૫૩ | ૫૭૧ |
| ૮ | જુવાર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૯ | મગ | ૯૬૧ | ૨૭૦૧ |
| ૧૦ | અડદ | ૭૫૧ | ૮૫૧ |
| ૧૧ | ચણા | ૮૬૧ | ૧૧૮૦ |
| ૧૨ | ધાણા | ૧૪૧૪ | ૧૪૧૪ |

# વડિયા ખાતે દિવ, ઘોઘલા, ઉનાનાં વીરપુર જતાં પદયાત્રીઓનું રાત્રિ રોકાણ






દર વર્ષેની જેમ આ વર્ષે પણ દીવ, ઘોઘલા, ઉનાથી વીરપુર પદયાત્રીનું રાત્રી રોકાણ વડિયામાં છેલ્લા ૨૬ વર્ષથી પદયાત્રી સંઘનું વડિયા મુકામે સંતો કી સરકારના નામથી ઓળખાતા ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સના મહામંત્રી અને વડિયા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વડિયા લોહાણા મહાજનના મંત્રી મીતુલભાઈ કાંતિલાલ ગણાત્રાને ત્યાં રાત્રી રોકાણ કરે છે. વડિયામાં રાત્રી રોકાણ મિતુલભાઈ કાંતિલાલ ગણાત્રાને ત્યાં કરે છે. મારા ભગવાન મહેમાન બને છે. ત્યારે જે પણ સેવાના કાર્યો થઈ શકે છે. એમના સાચા હકદાર તો એમના માતા કાંતાબેન કાંતિલાલ ગણાત્રા અને પિતા સ્વ.કાંતિલાલ છોટાલાલ ગણાત્રાના આશીર્વાદથી જ આ સેવાના કાર્યો શકય છે અને ખાસ એમના ધર્મ પત્ની શીતલબેન મીતુલભાઈ ગણાત્રા કે એમને હરહંમેશ સેવાકરવામાં એમનો સાથ સદાય સાથે જ હોઈ છે. ભોજન પ્રસાદી બનાવવાની સેવા છેલ્લા ૨૬ વર્ષથી એક પણ રૂપિયા લીધા વગર રસોઈ બનાવવાની સેવા આપે છે. એવા મારા ભગવાન લલિતભાઈ ગણાત્રા અને ભાવેશભાઈ રાઠોડ પદયાત્રીઓને સવારે મેથી કોથમીરના ગરમા ગરમ ગાંઠિયા બનાવવાની સેવા આપે છે. જે બધા એક પણ પૈસો લીધા વિના રસોઈ બનાવવાની સેવા આપે છે. ખાસ શ્રમ સેવા કે ગાદલા પાથરવાથી જમાડવા અને ગરમ પાણીથી પગ ધોવડવવા સુધીથી સેવા આપે છે. એવી મારી ટીમ પ્રવીણભાઈ ગણાત્રા, ચંદ્રેશભાઈ રોશનીયા, રમેશભાઈ બરછા, નિલેશભાઈ સાદરાણી, મિતુલ કિરીટભાઈ ગણાત્રા, ભરત વડેરિયા, ભરતભાઈ ગોંડલીયા, આકાશભાઈ ગોંડલીયા, માન ગોંડલીયા, રણછોડગણાત્રા, નક્ષ ઢોલરીયા, રામ ખીરા, કુંજ રાંક, ભગત ઢોલરિયા,પરેશ ઠુમ્મર,વિપુલ બરછા, દેવેન્દ્ર વાળા,રાજુભાઈ રાખોલિયા, ભાણભાઈ સગર, ભરતભાઈ સગર, મહાજન વાડીના મેતાજી મોરીભાઈ, સંજય ઢોલરીયા, મનુભાઈ સાંગાણી, રાવજીભગત રાખોલીયા, અરજણ ભાઈ ભેડા, બાબુભાઈ ધકાણ, કાનભાઈ દયોરા આ બધા લોકોનો સાથ છે. ત્યારે જ મિતુલ ગણાત્રા આવા સેવાના કાર્યો કરી સકે છે.

### મોટા ગોખરવાળા ગામ ખાતે

## અમરેલી : માતૃશ્રી મોંઘીબા મહિલા કોલેજનાં એન.એસ.એસ. યુનિટની શિબિર યોજાઈ

### પ્રભાત ફેરી, ગ્રામ સફાઈ સહિતનાં કાર્યક્રમો યોજાયા



અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ, અમરેલીના એન.એસ.એસ. યુનિટની વાર્ષિક શિબિરનું તારીખ ૨૩/૧૨/૨૦૨૫ના રોજ અમરેલીના મોટા ગોખરવાળા ગામે પે સેન્ટર શાળા ખાતે ઉદ્ઘાટન થયું. મોટા ગોખરવાળા ગામના સરપંચ કુંદનબેન કથીરીયાની અધ્યક્ષતામાં, અમરેલી જિલ્લા વિદ્યાસભાના ટ્રસ્ટીઓની ઉપસ્થિતમાં આ શિબિરનું ઉપ્રઘાટન થયું. આ પ્રસંગે મોટા ગોખરવાળા પે સેન્ટર શાળાના આચાર્ય મુકેશભાઈ વસાણી, જનતા વિદ્યાલય, મોટા ગોખરવાળાના આચાર્ય બાલુભાઈ સુહાગીયા, અમરેલી જિલ્લા વિદ્યાસભાના મંત્રી ચતુરભાઈ ખૂંટ, નિયામક ડો. ગિરીશભાઈ ભીમાણી, સી.પી. ગોંડલીયા, એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ડો. નિરૂપાબેન ટાંક, મોંઘીબા મહિલા કાલેજ સ્ટાફ પરિવાર, મોટા ગોખરવાળાની પે સેન્ટર શાળા તથા જનતા વિદ્યાલયના સ્ટાફ મિત્રો તેમજ મોટા ગોખરવાળા ગામના અગ્રણી પરબતભાઈ દેવાણી, પ્રવીણભાઈ કથીરીયા, હિતેશભાઈ પંડ્યાની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. આ શિબિરના આયોજનમાં સામાજિક અગ્રણી ઘનશ્યામભાઈ કથીરીયાનું સતત માર્ગદર્શન રહ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત સર્વધર્મ સમૂહ પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. નિરૂપાબેન ટાંક દ્વારા મહેમાનોનું શબ્દોથી સ્વાગત અને કાર્યક્રમની રૂપરેખા આપવામાં આવી. ત્યારબાદ ડો. એમ.જે. પટોળિયાએ પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શિબિરનો હેતુ સમજાવી શિબિરાર્થી બહેનોને શુભેચ્છા પાઠવી હતી. મોટા ગોખરવાળા શાળાના આચાર્ય મુકેશભાઈ વસાણીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પ્રેરક પ્રસંગો રજૂ કરી શિભિરાર્થીઓને આશીર્વચન આપ્યા હતા. અમરેલી જિલ્લા વિદ્યાસભાના નિયામક ડો. ગિરીશભાઈ ભીમાણીએ પ્રેરક જીવનલક્ષી ઉદ્‌બોધન આપ્યું હતું. કાર્યક્રમના અંતે ડો. વિલાસબેન સોરઠિયાએ આભાર દર્શન કર્યુ હતું. કાર્યક્રમના અંતે એન.એસ.એસ.સોંગ રજૂ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ.ની છાત્રા ધર્મિષ્ઠા ચાવડાએ કર્યુ હતું. આ શિબિરના આયોજનમાં ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો.જી.વી. વેલિયત તથા સ્ટાફ મિત્રોએ જહેમત ઉઠાવી હતી.

સાત દિવસની આ શિબિરમાં શિબિરાર્થીઓ દ્વારા પ્રભાતફેરી, ગ્રામસફાઈ, જન જાગૃતિ, હેલ્થ અવેરનેસ, વ્યસન મુકિત, સાંસ્કૃતિક કાર્યક્રમો, વ્યકિતત્વ વિકાસ, નેત્ર ચિકિત્સા કેમ્પ, પ્રકૃતિ અને પર્યાવરણ સુરક્ષા તથા બેટી બચાવો જેવા કાર્યક્રમો હાથ ધરવામાં આવનાર છે.

### ધારાસભ્ય જનક તળાવીયાની રજુઆતથી

## લાઠી-બાબરા વિસ્તારનાં કેન્સરનાં દર્દીઓને સહાય આપવામાં આવી

### મુખ્યમંત્રીના રાહત ફંડમાંથી સહાય અપાઈ



અમરેલી, તા. ૨૪

લાઠી-બાબરા વિધાનસભા મતવિસ્તારના ગંભીર બીમારીથી પીડિત કેન્સરના દર્દીઓને સારવાર માટે આર્થિક સંકટ નડે નહીં તે માટે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની રજૂઆતના પરિણામે મુખ્યમંત્રી રાહત ફંડમાંથી જરૂરી આર્થિક સહાય મંજૂર કરવામાં આવી છે.

બાબરા તાલુકાના નિલવડા ગામના વતની કંકુબેન રૈયાભાઈ ગમારા તથા બાબરા તાલુકાના કોટડાપીઠા ગામના વતની નિર્મળાબેન સુરેશભાઈ ચોવટીયા અને બાબરા તાલુકાના મોટા દેવળીયા ગામના વતની મજસુખભાઈ વાલજીભાઈ કાનાણી જેઓને કેન્સર જેવા ગંભીર રોગની સારવાર માટે ધારાસભ્ય જનક તળાવીયાએ મુખ્યમંત્રી રાહત ફંડમાંથી રાહત અપાવી એક ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડયુ.

કેન્સર જેવી જીવલેણ બીમારીના ઉપચાર માટે લાખો રૂપિયાનો ખર્ચ આવતો હોવાથી સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારો માટે સારવાર કરાવવી મુશ્કેલ બની રહે છે. આવી સ્થિતિમાં ધારાસભ્યએ દર્દીઓ તથા તેમના પરિવારજનોની રજૂઆતોને ગંભીરતાથી લઈ સરકાર સમક્ષ મજબૂત રીતે કેસ રજૂ કર્યો હતો, જેના પરિણામે મુખ્યમંત્રી રાહત ફંડમાંથી સહાય મંજૂર થઈ છે.

આ સહાયથી દર્દીઓની સારવારમાં મદદ મળશે તેમજ તેમના પરિવારજનોને આર્થિક રીતે મોટો આધાર મળશે. સ્થાનિક લોકોએ ધારાસભ્ય જનક તળાવીયાની આ માનવતાભરી કામગીરીને બિરદાવતાં જણાવ્યું હતું કે તેઓ હંમેશા વિસ્તારના ગરીબ, જરૂરિયાતમંદ અને પીડિત લોકો માટે સંવેદનશીલતાથી કાર્ય કરે છે.

ધારાસભ્યએ જણાવ્યું હતું કે, "લાઠી-બાબરા મતવિસ્તારનો કોઈ પણ નાગરિક ગંભીર બીમારીના કારણે સારવારથી વંચિત ન રહે તે માટે હું સતત પ્રયત્નશીલ રહીશ. સરકારની વિવિધ યોજનાઓનો લાભ જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચાડવું મારી ફરજ છે."

### યુવા નેતા મનિષ સંઘાણીએ

## ખેડૂતના ખેતરમાં ડ્રોન દ્વારા થતા દવાના છંટકાવની મુલાકાત લીધી



અમરેલી, તા.૨૪

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ અને અમરેલી ખેડૂત ઉત્પાદક અને રૂપાંતર સહકારી મંડળી લી.(FPO)ના અદયક્ષ મનીષ સંઘાણી દ્વારા અમરેલીમાં નવા ખીજડીયાના ખેડૂતોના ખેતરની મુલાકાત લીધી હતી ત્યારે અમરેલી ખેડૂત ઉત્પાદક અને રૂપાંતર સહકારી મંડળી લી. (FPO) દ્વારા ચલાવવામાં આવતું ડ્રોન જે નવી ટેકનોલોજી ઉપયોગ કરી આ ડ્રોન દ્વારા દવાનો સફળતા પૂર્વક પાકમાં દવાનો છટકાવ કરવામાં આવી રહ્યો હતો. ત્યારે યુવા નેતા મનીષ સંઘાણી દ્વારા ડ્રોન દ્વારા દવાના છટકાવથી ખેડૂતને સમયમાં પૈસામાં વિવિધ થતા ફાયદાઓ વિશે માહિતી આપી હતી અને અમરેલી ખેડૂત ઉત્પાદક અને રૂપાંતર સહકારી મંડળી દ્વારા જિલ્લામાં ડોન દ્વારા દવા અને ખાતરનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. જેનું વધુને વધુ ખેડૂતો લાભ લે અને પોતાના ખેતરમાં ડ્રોન માધ્યમથી છટકાવ કરાવવા માટે આહવાન કરવામાં આવ્યું હતું.

## ખાંભાના ન્યુઝ ચેનલના રિપોર્ટર ભાવિક કલસરિયાના આજે જન્મદિવસ



ખાંભા, તા.૨૪

સાપ્તાહિકથી કારકિર્દીની આરંભ કરી ગુજરાતની નંબર ૧ સંદેશ ન્યુઝ ચેનલના રિપોર્ટર તરીકે બિરાજેલા ભાવિક કળસરિયા પર અભિનંદનની વર્ષા સાપ્તાહિક અકબારથી પત્રકારત્વ ક્ષેત્રે કારકિર્દીનો શુભારંભ કરી ઈલેકટ્રીક મીડિયામાં સેવા આપતા ભાવિક કળસરિયા ૩૧ વર્ષ પૂર્ણ કરી ૩૨ માં વર્ષમાં પ્રવેશતા શુભેક્ષકો દ્વારા અભિનંદનની વર્ષા થઈ રહી છે છેલ્લા ૮ વર્ષથી અમરેલી જિલ્લામાં પ્રાણ પ્રશ્નોને વાચા આપીને પત્રકારત્વ ક્ષેત્રે હરણફાળ ભરેલા ભાવિક કળસરિયા અમરેલી જિલ્લામાં લોકલ સમય મીડિયા ચેનલ અને આસપાસ અખબારથી નીડર પત્રકારત્વ કરવા કારકિર્દીનો આરંભ કરીને રાજયના નામાંકિત અખબારોમાં રિપોર્ટિંગ કરી ચૂકેલા ભાવિક કળસરિયા અમરેલી જિલ્લાના "અમરેલી એકસપ્રેસ" લોકાપર્ણ પ્રાર્થના સંદેશ, જેવા નામાંકિત અખબારોમાં રિપોર્ટિંગ કરીને જીટીપીએલ ચેનલ બુલેટિન ઈન્ડિયા તેમજ યુટયુબ ચેનલ બાદ ગુજરાતની નંબર ૧ સંદેશ ન્યુઝ ચેનલમાં રિપોર્ટર તરીકે કામગીરીઓ કરી રહ્યા છે. ગામડાની વ્યવસ્થા હોય કે જિલ્લાની સમસ્યાઓ પણ કેમેરા અને કલમ થકી દરેક મોટી સફળ સાબિત થયેલ ભાવિક કળસરિયાના જન્મદિવસના અવસર પર રાજકીય, સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ અને વિશાળ મિત્ર વર્તુળ દ્વારા મો. ૯૯૦૪૧૧૫૬૪૨ પર જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

## હવે વિચારવાનો નહીં, અવાજ ઉઠાવવાનો સમય છે

અમરેલી, તા. ૨૪

સમાજનું મૌન આવનારા કપરા દિવસોની સ્પષ્ટ ચેતવણી છે. આજે જે ખામોશી આપણે પસંદ કરી છે, એ જ ખામોશી કાલે આપણી અને સમગ્ર સમાજની સૌથી મોટી નબળાઈ બની જશે. અત્યાચાર, અન્યાય અને ભેદભાવ સામે બોલવાની અને લખવાની હિંમત જો આજે નહીં કરીએ, તો કાલે બોલવાનો અધિકાર પણ ગુમાવી બેસીશું.પ્રશ્ન એ નથી કે કોણ અન્યાય કરે છે, પ્રશ્ન એ છે કે તેને જોઈને પણ આપણે કેમ ચૂપ છીએ? શું સત્ય બોલવામાં, અન્યાય સામે અવાજ ઉઠાવવામાં કોઈ ભય છે? જો છે, તો એ ભય જ શોષણકર્તાઓની સૌથી મોટી જીત છે.આપણે આવતી પેઢીને શું સંદેશ આપવા માગીએ છીએ? ખામોશીનો? સમર્પણનો? કે ડરનો? જયારે આપણા બાળકો મોટા થશે અને પૂછશે સમાજ પર અન્યાય, અત્યાચાર અને ભેદભાવ થતો હતો ત્યારે તમે ક્યાં હતા? ત્યારે આપણે શું જવાબ આપશું?ઈતિહાસ સાક્ષી છે કે અન્યાય માત્ર શાસકો કે ગુનેગારોને કારણે નથી વધતો, પરંતુ સારા લોકોની ચુપ્પીથી વધે છે. હવે સમય આવી ગયો છે કે મૌન તોડી, સત્ય સાથે ઊભા રહીએ. નહીં તો આવનારી પેઢી આપણને માફ નહીં કરે.પોતાની જાતને સમાજ સેવક અને ખેરખા સમજતા પણ લોકો પણ સમાજ પર કોઈ આફત આવે ત્યારે મૌન બની જાય છે.**શાંતીલાલ પરમાર સામાજિક કાર્યકર્તા**

### નાયબ ઈજનેર અને જુનિયર ઈજનેરની ઉપસ્થિતિમાં

## વડિયા ખાતે વીજ સલામતી અને વીજબચત અંગે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

### વીજ સલામતી વિષયક ચિત્ર સ્પર્ધા પણ યોજાઈ



વડિયા, તા. ૨૪

વડિયા મોંઘીબા પ્રાથમિક શાળામાં વીજ સલામતી અને વીજ બચત અંગે વિશેષ માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ વીજ સલામતી સપ્તાહ અંતર્ગત યોજાયો હતો, જેમાં વડિયા પી.જી.વી.સી.એલ.ના નાયબ ઈજનેર એન. આર. પટેલ, જુનિયર ઈજનેર બોરડ તેમજ નાયબ હિસાબી અધીક્ષક આર.આર.તળાવિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને વીજળીનો સુરક્ષિત ઉપયોગ, ઘરમાં તથા જાહેર સ્થળોએ વીજ સલામતી કેવી રીતે જાળવવી, તેમજ અનાવશ્યક વીજ વપરાશ કેવી રીતે ઘટાડવો તે બાબતે સરળ ભાષામાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મહેમાનો દ્વારા વીજ બચત એટલે ભવિષ્યની સલામતી અને વીજ સલામતી એટલે જીવનની સલામતી જેવા અસરકારક નારા આપી વિદ્યાર્થીઓમાં જાગૃતિ ફેલાવવામાં આવી હતી.વીજ સલામતી સપ્તાહ અંતર્ગત શાળામાં વીજ સલામતી વિષયક ચિત્ર સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બાળકોએ પોતાના ચિત્રો દ્વારા વીજ બચત અને સલામતીનો સંદેશ ખૂબ સુંદર રીતે રજૂ કર્યો હતો. આ ઉપરાંત આવનારી મકરસંક્રાંતિ પર્વ દરમિયાન પતંગ ઉડાવતી વખતે વીજ તારોથી દૂર રહેવા, કોઈપણ વીજ અકસ્માતથી બચવા અને સલામતીના નિયમોનું પાલન કરવા અંગે ખાસ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓએ વીજ સલામતીને હંમેશા જીવનમાં અમલમાં મૂકવાનો અને સલામતી પૂર્વક તહેવારો ઉજવવાનો દ્રઢ સંકલ્પ લીધો હતો.

આ સમગ્ર કાર્યક્રમથી સ્પષ્ટ થાય છે કે આજના બાળકો જ આવતીકાલના જવાબદાર નાગરિકો છે અને આવી જાગૃતિપૂર્ણ પ્રવૃત્તિઓ સમાજના સુરક્ષિત ભવિષ્ય માટે મહત્વપૂર્ણ છે.

### એકબીજાનો પરિચય વધુ ગાઢ બનાવવા

## સુરત ખાતે પાઘડાળ પરિવાર દ્વારા આઠમો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

### અંદાજિત ૨ હજાર જેટલા પરિવારજનો જોડાયા



અમરેલી, તા. ૨૪

સુરત પાઘડાળ પરિવાર દ્વારા આઠમું સ્નેહમિલન યોજાયું હતું જેમાં આવનારા પાંચ વર્ષનું આયોજન રજૂ કરવામાં આવ્યું સમગ્ર વર્ષ દરમિયાન પરિવાર ચાર આયામો સાથે કામ કરશે જેમાં સ્નેહમિલન, ક્રિકેટ પરિવારના સભ્યો માટે મેડિકલ વિશેની ચોક્કસ પ્રકારની માહિતી તેમજ જેટલા લોકો બીઝનેશ સાથે સંકળાયેલા છે તેના માટે બિઝનેસ ગ્રુપ ચલાવીને દરેક બિઝનેસમેનને સપોર્ટ આપવો અને તેમની સાથે એકબીજાના રેફરન્સ શેર કરવા તેમજ આગામી સમયમાં પરિવારના બાળકોને શિક્ષણ ક્ષેત્રે ચોક્કસ પ્રકારનું માર્ગદર્શન મળી રહે અને યોગ્ય દિશામાં બાળકો કેશલ્ય મુજબનું શિક્ષણ મેળવી વિકાસ પામે તે દિશામાં પરિવારના સ્નેહ મિલનમાં નવા વિચારો રજૂ કરવામાં આવ્યા સાથે સાથે સંગઠનની તાકાતથી કેવા લાભો થાય અને ભવિષ્યમાં સંગઠન જરૂરી છે તેના વિશે પણ વિગતવાર રજૂઆત કરવામાં આવી અને વાતો આપણા મલકની વિષય સાથે ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરીને ૨૦૦૦ સભ્યોને આનંદ કરાવ્યો. આ પાઘડાલ પરિવારના સહિયારા પરિયસ સફળ બનાવા પરમુખ સંજય ઉકાભાઈ ભુવા, પ્રમુખ ઓધવજીભાઈ આમલા, ઊપપ્રમુખ જીતુભાઈ ઢાંક તથા પાઘડાલ પરિવારના ભામાશાઓ લલિતભાઈ ઢાંક, કનુભાઈ સલાલા,ઉકાભાઈ ભુવા,સવજીભાઈ,ડોસંજય પાઘડાલ,ધર્મનંદનશનિદેવઓઈલમીલ,વેદાંત આટા ક્લાસીસ,આનંદ સ્ટુડિયો,ભીખાભાઈ ભજીયાવાળા, કનુભાઈ ગાધકડા અને યુવા કમિટી કોરકમિટી વિગેરે પુરા પરિવારે તન મન ધન જહેમત ઉઠાવી હતી.

## સાવરકુંડલામાં ઈજાગ્રસ્ત વાછરડીનો તાત્કાલિક સારવારથી જીવ બચ્યો



સાવરકુંડલા, તા.૨૪

નેસડી રોડ પર એક બિનવારસી વાછરડીને ડમ્પરની અડફેટે ગંભીર ઈજા પહોંચી હતી. આ અકસ્માતમાં વાછરડીની હાલત ગંભીર બની ગઈ હતી અને તાત્કાલિક સારવારની જરૂર પડી હતી. સ્થાનિક લોકોએ ત્વરિત કાર્યવાહી કરીને આ વાછરડીને શ્રી કૃષ્ણ ગૌશાળા, દેવળા ગેટ, સાવરકુંડલા ખાતે લાવી પહોંચાડી. ત્યાં ડો.બ્રિજેશભાઈ દાફડા તાત્કાલિક પહોંચ્યા અને વાછરડીને ૩૨ ટાંકા લગાવીને સંપૂર્ણ ટ્રીટમેન્ટ આપી. તેમની સમયસરની સારવારને કારણે વાછરડીનો જીવ બચી ગયો છે.




## ગ્રામ્ય વિસ્તારને સ્વચ્છ, સુંદર અને રળિયામણુ બનાવવાનો ઉત્તમ પ્રયાસ

# અમરેલી જિલ્લાનાં ૧૫૬ ગામડાઓમાં ડોર ટુ ડોર કચરા કલેક્શન શરૂ

**મિશન મંગલમની બહેનોએ કચરાનાં ઢગલામાં શોધ્યો રોજગાર**

**કચરો એકત્ર કરી વેચાણ દ્વારા સ્વસહાય જુથ માસિક ૪ હજાર સુધીની આવક મેળવે છે**

**ગામડાઓને સ્વચ્છ બનાવી સ્વસ્થ બનાવવાની નેમ**

**આગામી દિવસોમાં વડિયા અને કુંકાવાવ ખાતે સામૂહિક સ્માર્ટ શૌચાલય બનાવાશે**

આલેખન : ધર્મેશ વાળા–અમરેલી



અમરેલી, તા. ૨૪

ભારતરત્ન અને પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીજીની ૧૦૦મી જન્મજયંતી સાથે 'સુશાસન દિવસ' નિમિત્તે દેશવ્યાપી ઉજવણી હાથ ધરવામાં આવી છે. સમગ્ર ભારત આ ઉજવણીમાં જોડાઈ રહ્યું છે. અટલજીએ હંમેશા સુશાસન (Good Governance) સાથે સંપૂર્ણ સ્વચ્છતાને પ્રાધાન્ય આપ્યું હતું. ગ્રામીણ વિસ્તારોમાં શૌચાલય અને સ્વચ્છતા માટે 'નિર્મળ ગ્રામ પુરસ્કાર' જેવી યોજનાઓનો તેમણે પાયો નાંખ્યો હતો. તેમનો વિચાર હતો કે, 'જયાં સુધી ગામડું ગંદકી મુકત નહીં થાય, ત્યાં સુધી તે રોગમુકત અને પ્રગતિશીલ નહીં બની શકે'.

અમરેલી જિલ્લો વિકાસની નવી ક્ષિતિજો સર કરી રહ્યો છે. ' અંત્યોદય' અને 'સુશાસન'ના મંત્રને ચરિતાર્થ કરતા, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા છેવાડાના માનવી સુધી પાયાની સુવિધાઓ પહોંચાડવા માટે મક્કમ નિર્ધાર કરવામાં આવ્યો છે.

પૂર્વ વડાપ્રધાન અટલજીએ હંમેશા મજબૂત ગ્રામીણ માળખાનું સ્વપ્ન જોયું હતું. આ સ્વપ્નને સાકાર કરવા માટે જિલ્લામાં નિર્મળ ગુજરાત ૨.૦ હેઠળ નગરપાલિકા વિસ્તારના ૧૫૬ ગામોમાં ડોર–ટુ–ડોર કચરા કલેકશનનું સુદ્રઢ આયોજન હાથ

**અનુસંધાન પાના ૬ ઉપર**



















*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)